dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 7 | Issue- 322 | AD - 2024, Shravan Vad - 06 | Sunday, Dt.25-08-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### મુખ્ય આરોપી સંદીપ ઘોષ સીબીઆઈ તપાસના રડાર પર, અન્ય ચાર ડોકટરો અને એક સિવિલ વોલેન્ટિયરનો પોલીગ્રાફ ટેસ્ટ કરાવવાની પરવાનગી મળી

## કોલકાતાની મહિલા તબીબની હત્યા બાબતે ૭ લોકોના પોલિગ્રાફ ટેસ્ટ

(એ.આર.એલ),કોલકતા,તા.૨૪

કોલકાતાની આરજી કાર મેડિકલ કોલેજમાં મહિલા ડૉક્ટર પર બળાત્કાર અને હત્યાના કેસમાં શનિવારે પૂર્વ પ્રિન્સિપાલ સંદીપ ઘોષ સહિત કુલ સાત લોકોનો પોલિગ્રાફ ટેસ્ટ કરવામાં આવ્યો છે. સંદીપ ઘોષ ઉપરાંત બળાત્કારના આરોપી સંજય રોય અને મેડિકલ કોલેજના અન્ય ચાર ડોક્ટરોનો પણ પોલિગ્રાફ ટેસ્ટ કરયો છે. આ ઉપરાંત હોસ્પિટલના સિવિલ વોલેન્ટિયરનો પોલીગ્રાફ ટેસ્ટ પણ કરવામાં આવી રહ્યો છે. મહિલા ડૉક્ટર પર બળાત્કાર અને હત્યાના કેસમાં આરજી કાર મેડિકલ કોલેજના પૂર્વ પ્રિન્સિપાલ સંદીપ ઘોષની ભૂમિકા શંકાસ્પદ છે. સંદીપ ઘોષની સીબીઆઈ દ્વારા એક સપ્તાહથી વધુ સમયથી સતત પૂછપરછ કરવામાં આવી રહી છે. રિપોર્ટ્સ અનુસાર પૂછપરછ દરમિયાન સંદીપ ઘોષના નિવેદનોમાં વિરોધાભાસ છે. આ ઉપરાંત સુપ્રીમ કોર્ટે તેની સુનાવણી દરમિયાન સંદીપ ઘોષની ભૂમિકા પર પણ ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. આ જ કારણ છે કે સંદીપ ઘોષ સીબીઆઈ તપાસના રડાર પર છે. સીબીઆઈએ કોર્ટમાં સંદીપ ઘોષ, આરોપી સંજય રોય અને અન્ય ચાર ડોકટરો અને એક સિવિલ વોલેન્ટિયરનો પોલીગ્રાફ ટેસ્ટ કરાવવાની પરવાનગી માંગતી અરજી દાખલ કરી હતી, જેને કોર્ટે મંજૂર કરી હતી. કોર્ટની મંજૂરી બાદ આજે તમામનો પોલીગ્રાફ ટેસ્ટ કરવામાં આવ્યો છે. જેલમાં જ આરોપી સંજય રોયનો પોલીગ્રાફ ટેસ્ટ કરવામાં આવ્યો છે. બાકીનો પોલીગ્રાફ ટેસ્ટ સીબીઆઈ ઓફિસમાં થયો છે. પોલિગ્રાફ ટેસ્ટ માટે નવી દિલ્હીની સેન્ટ્રલ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીથી નિષ્ણાતોની ટીમ કોલકાતા પહોંચી હતી. પોલીગ્રાફ ટેસ્ટને લાઈ ડિટેક્ટર ટેસ્ટ પણ કહેવામાં આવે છે. આ ટેસ્ટમાં ઘણા મનોવૈજ્ઞાનિક



પરીક્ષણો કરવામાં આવે છે. આ ઉપરાંત પ્રશ્નોના જવાબ આપતી વખતે બ્લડપ્રેશર, શ્વાસની ગતિ, ત્વચાની સંવેદનશીલતા વગેરેનો પણ અભ્યાસ કરવામાં આવે છે.

સીબીઆઈ કોલકાતાની આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં ૩૧ વર્ષીય તાલીમાર્થી ડૉક્ટરની બળાત્કાર અને પછી હત્યાના કેસની તપાસ કરી રહી છે. આ કેસમાં દરરોજ નવા ખુલાસા થઈ રહ્યા છે. હવે તપાસકર્તાઓએ સીસીટીવી કેમેરાના નવા ફૂટેજ જાહેર કર્યા છે, જેમાં મુખ્ય આરોપી સંજય રોય જોવા મળે છે. વીડિયોમાં સંજય રોયને ૯મી ઓગસ્ટની મધ્યરાત્રિ પછી આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં દાખલ થતો બતાવવામાં આવ્યો છે. તમને જણાવી દઈએ કે ૮-૯ ઓગસ્ટની રાત્રે એક ટ્રેઈની ડોક્ટર પર બળાત્કાર કરવામાં આવ્યો હતો અને પછી તેની હત્યા કરવામાં આવી હતી, જેની લાશ બીજા દિવસે હોસ્પિટલના સેમિનાર હોલમાં મળી આવી હતી. સીસીટીવી ફૂટેજમાં શકમંદના ગળામાં બ્લૂટૂથ ઈયરફોન જોઈ શકાય છે. તાલીમાર્થી ડૉક્ટરના મૃતદેહ પાસે મળેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ અને બ્લૂટૂથ ડિવાઈસની મદદથી જે કોલેજના સેમિનાર હોલમાં લાશ મળી હતી ત્યાં પ્રવેશતા દેખાતા સંજય રોયની ધરપકડ કરવામાં આવી હતી. ૩૩ વર્ષીય સંજય રોય ૨૦૧૯માં કોલકાતા પોલીસમાં નાગરિક સ્વયંસેવક તરીકે જોડાયા હતા અને ઘટનાના બીજા દિવસે કોલકાતા પોલીસે તેની ધરપકડ કરી હતી.

સીસીટીવી કેમેરાના ફૂટેજમાં સંજય રોય બપોરે ૧.૦૩ વાગ્યે હોસ્પિટલમાં દાખલ થતો જોવા મળે છે. રિપોર્ટ અનુસાર, પૂછપરછ દરમિયાન પોલીસે સંજય રોયને સીસીટીવી કેમેરાના પુરાવા બતાવ્યા, ત્યારબાદ સંજય રોયે કથિત રીતે ગુનો કબૂલ કર્યો. તેથી, આ વીડિયો આ કેસમાં મહત્વનો પુરાવો છે. હોસ્પિટલના ચેસ્ટ વોર્ડના સીસીટીવી કેમેરાના ફૂટેજમાં સંજય રોય પીડિતા અને અન્ય ચાર જુનિયર ડોકટરોને જોઈ રહ્યો છે. રિપોર્ટ અનુસાર, આરોપી સંજય રોય એક પ્રશિક્ષિત બોક્સર છે અને છેલ્લા કેટલાક વર્ષોમાં તે કેટલાક વરિષ્ઠ પોલીસ અધિકારીઓની નજીક આવ્યો હતો. આ પછી તેને કોલકાતા પોલીસ વેલ્ફેર બોર્ડમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો અને આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં પોલીસ ચોકીમાં તૈનાત કરવામાં આવ્યો.

## જાન્યુ.થી જૂન-૨૦૨૪માં અમેરિકા ભારતના સૌથી મોટા ભાગીદાર તરીકે ઉભરી આવ્યું

**ભારતે અમેરિકામાં સૌથી વધુ ૪૧.૬ બિલિયન ડોલરની નિકાસ કરી**

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૪

વર્તમાન કેલેન્ડર વર્ષ ૨૦૨૪ના પ્રથમ અર્ધવાર્ષિક (જાન્યુઆરી-જૂન)માં અમેરિકા ભારતના સૌથી મોટા વેપાર ભાગીદાર તરીકે ઉભરી આવ્યું છે. આ સમયગાળા દરમિયાન ચીન સાથેની વેપાર ખાધ વધીને રેકોર્ડ ૪૧.૬ બિલિયન થઈ ગઈ છે. ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિયેટિવના રિપોર્ટ અનુસાર, ભારત અને અમેરિકા વચ્ચેનો વેપાર જાન્યુઆરી-જૂનમાં વાર્ષિક ધોરણે ૫.૩ ટકા વધીને $૬૨.૫ બિલિયન થયો છે. ભારતે અમેરિકામાં સૌથી વધુ ૪૧.૬ બિલિયન ડોલરની નિકાસ કરી છે. જે જાન્યુઆરી-જૂન, ૨૦૨૩માં $૩૭.૭ બિલિયન કરતાં ૧૦.૫ ટકા વધુ છે. આ સમયગાળા દરમિયાન, ભારતે સૌથી વધુ ૫૦.૧ અબજ ડોલરની આયાત કરી અને ચીનમાંથી ૮.૫ અબજ ડોલરની નિકાસ કરી. દેશનો વિદેશી વેપાર (નિકાસ-આયાત)



જાન્યુઆરી-જૂનમાં ૫.૮ ટકા વધીને ૮૪૯ બિલિયન ડૉલરની વિક્રમી ટોચે પહોંચ્યો છે.

ઔદ્યોગિક ઉત્પાદનોની નિકાસ ૬૧.૧ ટકા વધીને $૧૪૦.૭૯ અબજ સુધી પહોંચી છે. બાસમતી ચોખાની નિકાસ ૨૪.૩ ટકા વધીને ૩.૪૨ અબજ ડોલર થઈ છે. જીટીઆરઆઈના સ્થાપક અજય શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, જાન્યુઆરી-જૂનમાં દેશની મર્ચેન્ડાઈઝ નિકાસ ૫.૪ ટકા વધીને $૨૩૦.૫ અબજ થઈ છે. ભારત ૨૩૯ દેશોમાં નિકાસ કરે છે, જેમાંથી ૧૨૬ દેશોમાં નિકાસ વધી છે અને ૯૮ દેશોમાં ઘટી છે.વૈશ્વિક પડકારો છતાં, જુલાઈમાં ભારતની એન્જિનિયરિંગ પ્રોડક્ટ્સની નિકાસ ૩.૬ ટકા વધીને ૯.૦૪ બિલિયન થઈ છે ઈઈપીસી અનુસાર, જુલાઈ ૨૦૨૩માં તે ૮.૭૨ બિલિયન હતું.

### આરએસએસની પ્રવૃતિઓ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો

## રાજસ્થાનમાં આરએસએસના કાર્યક્રમમાં સરકારી કર્મચારીઓ હાજરી આપી શકશે

(એ.આર.એલ),જયપુર,તા.૨૪

રાજસ્થાનમાં આરએસએસ સંબંધિત પ્રવૃત્તિઓમાં ભાગ લેવા પર હવે સરકારી કર્મચારીઓ પર કોઈ પ્રતિબંધ નથી. રાજ્ય સરકારના કર્મચારી વિભાગે એક પરિપત્ર જારી કરીને આ ૫૨ વર્ષ જૂનો પ્રતિબંધ હટાવી લીધો છે. આ આદેશ બાદ હવે સરકારી કર્મચારીઓ આરએસએસના કાર્યક્રમોમાં સક્રિયપણે ભાગ લઈ શકશે. કર્મચારી વિભાગના પરિપત્ર



મુજબ, ૧૯૭૨ અને ૧૯૮૧ના નિર્દેશોની સમીક્ષા કર્યા બાદ આરએસએસનો ઉલ્લેખ હટાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આરએસએસનું નામ એ સંગઠનોની યાદીમાંથી હટાવી દેવામાં આવ્યું છે જેમની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આ પહેલા આરએસએસની શાખાઓ અને અન્ય કોઈપણ કાર્યક્રમમાં સરકારી કર્મચારીઓ જવા પર સંપૂર્ણ પ્રતિબંધ હતો. એક સરકારી કર્મચારી રજા લઈને પણ આરએસએસના કાર્યક્રમોમાં ભાગ લઈ શક્યો ન હતો. તાજેતરમાં કેન્દ્ર સરકારે આ પ્રતિબંધ હટાવી દીધો હતો. આ પછી ભાજપ શાસિત રાજ્યોમાં પણ તેને હટાવવામાં આવી રહ્યો છે.

### તામિલનાડુના સીએમ સ્ટાલીન અને વડાપ્રધાન મોદીએ સ્પેસ ઝોન કંપનીના સીઇઓને કહ્યુ ‘આભાર’

## ભારતની સિદ્ધિઃ પ્રથમ રિયુઝેબલ હાઈબ્રિડ રોકેટ લોન્ચ કરાયું

(એ.આર.એલ),ચેન્નાઈ,તા.૨૪

રિયુઝેબલ હાઈબ્રિડ રોકેટને ચેન્નાઈના થિરુવિદાનધઈમાં મોબાઈલ લોન્ચરની મદદથી લોન્ચ કરવામાં આવ્યું હતું. રોકેટે ૩ ક્યુબ સેટેલાઈટ્સ અને ૫૦ પીઆઈસીઓ સેટેલાઈટ્સને સફળતાપૂર્વક સબ-ઓર્બિટલ ટ્રેજેક્ટરીમાં સ્થાપિત કર્યું હતું.

અંતરિક્ષના ક્ષેત્રમાં ફરી એકવાર ભારતે કમાલ કરી દેખાડી છે. ખરેખર તો ભારતે પોતાનું પ્રથમ રિયુઝેબલ હાઈબ્રિડ રોકેટને સફળતાપૂર્વક લોન્ચ કર્યું છે.

આ રોકેટને આરએચયુએમઆઈ નામ આપવામાં આવ્યું છે અને તેને તમિલનાડુ સ્થિત સ્ટાર્ટ અપ કંપની સ્પેસ ઝોન ઈન્ડિયા અને માર્ટીન ગ્રુપે મળીને વિકસિત કર્યું છે. આ રિયુઝેબલ હાઈબ્રિડ રોકેડમાં સીઓટુ ટ્રિગર પેરાશૂટ સિસ્ટમ લાગી છે. તેની મદદથી રોકેટના વિભિન્ન કમ્પોનેટ સુરક્ષિત સમુદ્ર પર પરત લેન્ડીંગ કરી શેક છે.



આથી અંતરિક્ષ લોન્ચનો ખર્ચ ઘટી જશે.

અંતરિક્ષ ક્ષેત્ર ઉપરાંત આ હાઈબ્રિડ રોકેટથી કૃષિ, પર્યાવરણ દેખરેખ અને આપત્તિ વ્યવસ્થાપન જેવા કામોમાં પણ મદદ મળશે.

આ રોકેટની અંદર ફ્રેમ કાર્બન ફાઈબર, ગ્લાસ ફાઈબરથી બની છે. સાથે સાથે તેમાં પાઈરો ટેકનિકથી વિકસિત પેરાશૂટ પણ લાગેલુ છે.

રોકેટની સાથે અંતરિક્ષમાં મોકલાયેલ ત્રણ ક્યુબ સેટેલાઈટ્સ વાતાવરણીય સ્થિતિઓ, કોસ્મિક રેડિયેશન, યુવી રેડિયેશન અને વાયુની ગુણવત્તાની સમીક્ષા કરી શકશે. તામિલનાડુના સીએમ સ્ટાલીન અને વડાપ્રધાન મોદીએ સ્પેસ ઝોન કંપનીના સીઈઓ આનંદ મેગાલિંગમને આ પ્રોજકેટમાં મદદ માટે ધન્યવાદ કહ્યું છે.












સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
રવિવાર, તા. ૨૫-૦૮-૨૦૨૪

# શેત્રુંજી નદીમાં પૂરને કારણે સરંભડા-હાલરીયા વચ્ચેનો ડાયવર્ઝન ધોવાયો

અમરેલી, તા.૨૪

અમરેલી તાલુકાના સરંભડા ગામ નજીક શેત્રુંજી નદી પર નવા પુલના નિર્માણ દરમિયાન ગઈકાલે આવેલા ભારે વરસાદે મોટી સમસ્યા સર્જી છે. ગીરકાંઠા વિસ્તારમાં થયેલા ભારે વરસાદને કારણે ખોડીયાર ડેમ ઓવરફ્લો થયો હતો, જેના પરિણામે બે દરવાજા બે ફૂટ જેટલા ખોલવામાં આવ્યા હતા. આ પાણીના નિકાલથી શેત્રુંજી નદીમાં ઘોડાપૂર આવ્યું હતું, જેના કારણે સરંભડા અને હાલરીયા વચ્ચે બનાવવામાં આવેલ અસ્થાયી ડાયવર્ઝન રસ્તો ધોવાઈ ગયો. આ ડાયવર્ઝન રાહદારીઓને પુલના નિર્માણ દરમિયાન


તસવીર : હસમુખ રાવળ

અવરજવર માટે બનાવવામાં આવ્યું હતું. ડાયવર્ઝન ધોવાઈ જવાથી સ્થાનિક રહીશોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, ગ્રામજનોએ સંબંધિત અધિકારીઓને વિનંતી કરી છે કે ડાયવર્ઝનનું તાત્કાલિક સમારકામ કરવામાં આવે, જેથી તેમની દૈનિક અવરજવર સરળ બને.

# વીજપડી ગામે પુલ પર મસમોટા ખાડાઓથી વાહનચાલકો ત્રસ્ત

વિજપડી,તા.૨૪

વીજપડી ગામે આવેલ પુલ ઉપર નેશનલ હાઈવે પસાર થતો હોય અને અનેકવાર રજૂઆત કરવા છતાં ખાડાઓ બૂરવામાં આવતા હોતા નથી માત્ર દેખાવ પૂરતી જ કામગીરી કરવામાં આવી રહી છે. માર્ગ પર મસમોટા ખાડાઓ હોવાથી વાહનચાલકોને


તસવીર : દાદુભાઈ બેલીમ

ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. આ બાબતે અધિકારીઓને અનેકવાર રજૂઆત કરવામાં આવી હોવા છતાં કોઈ ધ્યાન આપવામાં આવતુ નથી. માર્ગ પર મસમોટા ખાડાઓ પડી ગયા હોવાથી ગંભીર અકસ્માતની સંભાવના રહેલી છે ત્યારે જવાબદાર અધિકારીઓ આ બાબતે મોતનો તમાશો જોતા હોય તેવુ લાગી રહ્યુ છે. અધિકારીઓની ગંભીર બેદકારીને કારણે લોકોમાં ભારે રોષ ફેલાયો છે.

# અમરેલીના યુવાનની બેડમિન્ટનમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પસંદગી



અમરેલી,તા.૨૪

અમરેલીના યુવા રમતવીર કિશન પંડ્યાની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની બેડમિન્ટન ટૂર્નામેન્ટમાં સિલેક્શન થયું તેઓ આગામી ઈન્ટર યુનિવર્સિટી રમવા માટે પસંદગી થતા તેમને વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી જિલ્લની ટીમ તેમજ અમરેલી શહેર પ્રમુખ પ્રતાપસિંહ રાઠોડ અને બજરંગ દળના મહાવીરભાઈ વીંછિયા સહિતનાઓએ અભિનંદન પાઠવ્યા હતા.

# જન્માષ્ટમીના પર્વને લઈ વડિયામાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ

વડીયા,તા.૨૪

વડિયા ખાતે આવનાર જન્માષ્ટમીની શોભાયાત્રા રૂપે મટકીફોડ સાથેની ઉજવણી કરવાનું ભવ્ય આયોજન વડિયા કૃષ્ણપરામા આવેલી હવેલીના વૈષ્ણવ સમાજ દ્વારા ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે જે શોભાયાત્રા કૃષ્ણપરા હવેલીથી મુખ્ય બજારમાં નીકળી



શીતળાધાર સુધી જવાની હોવાથી આ સમગ્ર શોભાયાત્રામા કોઈ અનિચ્છનીય ઘટના બને નહિ અને શાંતિપૂર્ણ માહોલમા કોમી એકતા સાથે સમગ્ર પર્વની ઉજવણી થાય તેવા શુભ આશય સાથે પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં હિન્દુ-મુસ્લીમ આગેવાનોએ દરેક ધર્મના તહેવારો શાંતિથી ઉજવવામાં આવે છે તે જ રીતે જન્માષ્ટમીનુ પર્વ પણ ધામધૂમથી ઉજવવામાં આવશે તેમ જણાવ્યું હતુ.

# અમરેલીમાં પરિણીતાએ માથાનો દુખાવો સહન ન થતાં એસિડ પીધું

**પરિણીતાને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી**

અમરેલી, તા.૨૪

અમરેલીમાં રહેતી એક પરિણીતાને એક વર્ષથી માથાનો દુખાવો રહેતો હતો. આ દુખાવો સહન ન થતાં તેણે એસિડની બોટલમાં થોડું એસિડ પી લીધું હતું. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, પરિણીતાને છેલ્લા એક વર્ષથી માથાનો દુખાવો રહેતો હતો. આ દુખાવો સહન ન થતાં મનમાં લાગી આવતાં તેણે પોતાની મેળે થોડું એસિડ પી લીધું હતું. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એ.ટી.ચૌધરી વધુ તપાસ કરી રહ્યા છે.

# વડિયામાં જન્માષ્ટમીની ભવ્ય શોભાયાત્રા અને મેળાનું આયોજન

**વડિયા વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા શીતળાધાર ખાતે એક લોકમેળાનું પણ આયોજન કરવામાં આવ્યું**

વડિયા, તા.૨૪

આગામી જન્માષ્ટમી નિમિત્તે વડિયા શહેરમાં ભવ્ય શોભાયાત્રા અને લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. કૃષ્ણપરા હવેલીના વૈષ્ણવ સમાજ દ્વારા આયોજિત આ શોભાયાત્રા કૃષ્ણપરા હવેલીથી નીકળી, મુખ્ય બજારમાં થઈને શીતળા મંદિર સુધી જશે. શ્રવણ માસમાં આવતા ભગવાન શ્રી કૃષ્ણના જન્મદિવસની ઉજવણી માટે આ શોભાયાત્રામાં ડીજેના તાલે મટકીફોડ જેવા કાર્યક્રમો યોજાશે. વડિયાના પૂર્વ સરપંચ છગનભાઈ ઢોલરીયાએ શહેરની ધર્મપ્રેમી જનતા અને વિવિધ સામાજિક તથા ધાર્મિક સંસ્થાઓને આ શોભાયાત્રામાં જોડાવા અપીલ કરી છે. આ ઉપરાંત, વડિયા વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા શીતળાધાર ખાતે એક લોકમેળાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. મેળાના આયોજકોએ વડિયા વિસ્તારની સમગ્ર ધર્મપ્રેમી અને ઉત્સવપ્રિય જનતાને આ મેળાનો લાભ લેવા આમંત્રણ આપ્યું છે.

# અમરેલી જિલ્લામાં સાર્વત્રિક વરસાદ, ધરતીપુત્રો ખુશખુશાલ

**સૌથી વધુ બાબરામાં સવા ઈંચ વરસાદ નોંધાયો**

સાવરકુંડલા,તા.૨૪

હવામાન વિભાગ દ્વારા અમરેલી જિલ્લામાં રેડ એલર્ટ આપવામાં આવ્યું હતુ. જેના ભાગરૂપે ગાજવીજ સાથે સાર્વત્રિક વરસાદ નોંધાયો હતો. અમરેલી જિલ્લાના મોટાભાગના તાલુકાઓમાં ભારે વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયુ હતુ. અમરેલી જિલ્લામાં વરસાદને કારણે રસ્તાઓ પર પાણી ભરાયા હતા. અમરેલી જિલ્લામાં છેલ્લાં ઘણા સમયથી વરસાદ ખેંચાતા જગતનો તાત મશ્કેલીમાં મુકાયો હતો. વરસાદના અભાવથી મોલાત મુરઝાતી હોવાથી ખેડૂતોના ચહેરા પર ચિંતાના વાદળો ઘેરાયા હતા. જો કે રાજયમાં એકસાથે ત્રણ સિસ્ટમ સક્રિય થતા અમરેલી જિલ્લામાં પણ મેઘરાજાએ ધબધબાટી બોલાવી



હતી. વરસાદને કારણે ચેકડેમ, નદીઓમાં ઘોડાપૂર આવ્યા હતા. વરસાદને કારણે ખેતીપાકને ફાયદો થયો છે. ભારે વરસાદને કારણે બગસરા, રાજુલા, જાફરાબાદ ખાતે યોજાનાર મેળાને પણ ભારે અસર પહોંચી છે. મેળાના આયોજકોમાં ચિંતાનો માહોલ છવાયો છે. વરસાદથી મેળાના મેદાનમાં પાણી ભરાવાની સમસ્યા સર્જાતા શહેરીજનો પણ મેળાની મજા માણવાથી વંચિત રહી શકે છે. અમરેલી જિલ્લામાં સવારના ૬ વાગ્યાથી રાતના ૮ વાગ્યા સુધીમાં અમરેલીમાં ૨ મીમી, બાબરામાં ૨૯ મીમી, લાઠી ૨૩ મીમી, લીલીયામાં ૨ મીમી,બગસરામાં ૫ મીમી, સાવરકુંડલામાં ૫ મીમી, ખાંભામાં ૪ મીમી, રાજુલામાં ૧૨ મીમી વરસાદ નોંધાયો છે.

# લીખાળા-રામગઢ માર્ગની બિસ્માર હાલત, એસટી ચાલકો અને નાગરિકો મુશ્કેલીમાં

સાવરકુંડલા, તા.૨૪

સાવરકુંડલા તાલુકાના લીખાળા ગામથી રામગઢ સુધીનો માર્ગ અત્યંત ખરાબ પરિસ્થિતિમાં હોવાના અહેવાલો સામે આવ્યા છે. આ માર્ગની દયનીય સ્થિતિને કારણે સ્થાનિક રહીશો અને એસટી બસના ચાલકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ગ્રામ્ય સ્તરે દિવસમાં માત્ર બે વખત એસટી બસની સુવિધા ઉપલબ્ધ છે. પરંતુ રસ્તાની ખરાબ સ્થિતિને કારણે બસના પાટા અને કમાન વારંવાર તૂટી જાય છે. આ પરિસ્થિતિમાં તમામ જવાબદારી બસ ડ્રાઈવરો પર આવી પડે છે. માત્ર એસટી બસ જ નહીં, પરંતુ નાના વાહનચાલકો માટે



પણ આ માર્ગ પરથી પસાર થવું એક મોટો પડકાર બની ગયો છે.

સ્થાનિક લોકોએ જણાવ્યું કે લીખાળાથી રામગઢ સુધીનો રસ્તો પસાર કરવો એ "લોઢાના ચણા ચાવવા" જેવું કઠિન કામ બની ગયું છે. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને, સ્થાનિક લોકોએ સંબંધિત વિભાગ પાસે તાત્કાલિક ધોરણે રસ્તાની મરામત કરાવવાની માંગ કરી છે.

# બગસરામા મેઘાણી જન્મજયંતિએ જયદેવ ગોસાઈને 'મેઘાણી એવોર્ડ' અપાશે

**અરવિંદભાઈ મણીયાર ભવન ખાતે મેઘાણીના સાહિત્યની વાતો મંડાશે**

અમરેલી,તા.૨૪

રાષ્ટીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૮મી જન્મજયંતી નિમિતે દરવર્ષની જેમ આ વર્ષનો મેઘાણી એવોર્ડ ટેલીવિઝનથી લઈ બોલીવૂડમાં જેમના ગીત સંગીતનો જાદુ પથરાયેલ છે. ગીતો, ગઝલ, સુફીથી દેશ વિદેશમા પ્રસિધ્ધ લોકગાયક જયદેવ ગોસાઈને આ એવોર્ડ આગામી ૨૮મી ઓગષ્ટના રોજ અત્રેના



અરવિંદભાઈ મણીયાર ભવન ખાતે સાંજના ૫ કલાકે એનાયત કરવામાં આવશે. જે સાહિત્યકારો. રાજકીય. તથા સામાજીક આગેવાનોની હાજરીમાં યોજાશે. ગીત સંગીતની મહેફીલ સાથે મેઘાણીના સાહિત્યની વાતો મંડાશે તેમ શિવા ગૃપના પ્રમૂખ નિતેષ ડોડીઆની યાદી જણાવે છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંર્પૂણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શાયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ શ્રેષ્ઠ ગ્રાહક સેવા ગુણવતાયુકત કામ પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# અમરેલીમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા જન્માષ્ટમી મહોત્સવની ઉજવણી



અમરેલી, તા.૨૪

અમરેલી શહેરમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા જન્માષ્ટમી મહોત્સવની ભવ્ય ઉજવણીનો પ્રારંભ થયો. ફોરવર્ડ સર્કલ સિનિયર સિટીઝન પાર્ક ખાતે આયોજિત આ કાર્યક્રમમાં શ્રી કૃષ્ણ ભગવાનના ૧૦ અવતારની આકર્ષક ઝાંખીનું અનાવરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા, જેમાં સંત બાલકૃષ્ણ સ્વામી, સ્વામિનારાયણ મંદિરના સંતો, સાંઈ મંદિરના પ્રતિનિધિઓ, સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડૉ. ગજેરા, ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ચતુરભાઈ પટેલ, બ્રહ્મ સમાજ પ્રમુખ મુકુંદભાઈ મહેતા, અને અન્ય સામાજિક અને ધાર્મિક નેતાઓનો સમાવેશ થતો હતો. આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ, રાષ્ટ્રીય બજરંગ દળ અને અન્ય સંગઠનોના સહયોગથી આયોજિત આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત આરતી અને પૂજન સાથે કરવામાં આવી હતી. જિલ્લા પ્રમુખ સુરેશભાઈ સોલંકીએ જણાવ્યું કે આગામી દિવસોમાં રોજેરોજ વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. તેમણે તમામ હિન્દુ ભક્તજનોને આ ભવ્ય ઝાંખીના દર્શનનો લાભ લેવા માટે ખાસ આમંત્રણ આપ્યું છે. આ ઉપરાંત, કાર્યક્રમમાં મહિલા અધ્યક્ષ ડિમ્પલબેન પોપટ, ઓજસ્વી અધ્યક્ષ નિરાલીબેન વ્યાસ, ગુંજનબેન સોની, હેતલબેન જોશી અને બ્રહ્માકુમારીના પ્રતિનિધિઓ પણ હાજર રહ્યા હતા.

**જિલ્લા કક્ષાના રમતોત્સવમાં U-૧૪, U-૧૭ અને U-૧૯ કેટેગરીના ભાઈઓ અને બહેનોએ ભાગ લીધો**

# અમરેલીની ગજેરા સ્કૂલના વિદ્યાર્થીઓએ ૨૮ ગોલ્ડ અને ૪ સિલ્વર મેડલ જીત્યા

અમરેલી, તા.૨૪

અમરેલી જિલ્લાના વિદ્યાર્થીઓએ તાજેતરમાં યોજાયેલી ૬૮મા અખિલ ભારતીય શાળાકીય રમતોત્સવમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. જિલ્લા લેવલની કુરાશ સ્પર્ધામાં શ્રીમતી એસ.એચ. ગજેરા સ્કૂલના વિદ્યાર્થીઓએ કુલ ૨૮ ગોલ્ડ અને ૪ સિલ્વર મેડલ જીતીને જિલ્લાનું નામ રોશન કર્યું છે. આ સ્પર્ધામાં U-૧૪, U-૧૭ અને U-૧૯ કેટેગરીના ભાઈઓ અને બહેનોએ ભાગ લીધો હતો. વિજેતા ખેલાડીઓમાં શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસના ૨૮ ખેલાડીઓએ ગોલ્ડ મેડલ જીત્યા હતા,




જેમાં કરણ, કુવાડિયા પિનેશ, મકવાણા કુલદીપ, બરવાળિયા ફેનિલ, નાથજી મિત, ગોધાલી નિખિલ, રાદડિયા દેવાંશ, ઢાકેચા ડાભી ધ્રુવિલ, ધોરયા યુગ, ભવ્ય, પટેલ હિલ, રામાણી ધૃવી, ગઢીયા તમન્ના, નગદીયા એન્જલ, હુમ્મર અનેરી, લુંણાગરિયા શ્રેયા, રાઠવા ઉષા, ખેર તન્વી, વંશ જીજ્ઞા, વાઢેળ આસ્થા, ગોસ્વામી કૈયા, ડાભી યશસ્વી, પીપળવા ભક્તિ, બાંકુ મનસ્વી, ભટ્ટી દિયા, રાજભર કુસુમ, રાઠોડ યશવી વગેરેનો સમાવેશ થાય છે. ૪ સિલ્વર મેડલ જીતનારા ખેલાડીઓમાં સિયા, કથીરિયા જસ્મીન, ડાંગર પ્રિન્સ અને પીંજર ધૃવિલ શામેલ છે. આ સફળતાથી જિલ્લા અને શાળાનું ગૌરવ વધ્યું છે. સમગ્ર વિજેતા થયેલા સ્પર્ધકોને હવે રાજ્ય કક્ષાએ ભાગ લેવાની તક મળશે. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખુંટ, કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ અભિનંદન પાઠવ્યા હતા.

# રાજુલામાં કવિ હર્ષદ ચંદારાણાને ભાવભીની શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો

રાજુલા, તા.૨૪

અમરેલીના પ્રખ્યાત કવિ હર્ષદભાઈ ચંદારાણાના સ્મરણાર્થે રાજુલાના ગાંધી મંદિર હોલમાં એક ભાવપૂર્ણ કાવ્યાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. બે મહિના પહેલા અવસાન પામેલા કવિને શ્રદ્ધાંજલિ આપવા માટે આ કાર્યક્રમ સૌરભ સાહિત્ય સંસ્થાન-રાજુલા દ્વારા યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમ ગુજરાતના સુપ્રસિદ્ધ કવિઓ મનોહર ત્રિવેદી અને કૃષ્ણ દવેની નિશ્રામાં અને રાજુલાના સાહિત્યકારો જે.પી. ડેર તથા જોરુભાઈ ધાખડાની અધ્યક્ષતામાં યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય, શિવસ્તુતિ અને શ્લોક ગાનથી થઈ હતી. હર્ષદભાઈના સાહિત્યિક યોગદાનને બિરદાવતા, તેમના વિવિધ કાવ્યસંગ્રહો જેવા કે 'ફીણ મોજા', 'નદી ને મળ્યા પછી', 'કલરવનું ઘર' વગેરે પર ચર્ચા કરવામાં આવી હતી. પ્રખ્યાત કવિઓ અને સાહિત્યકારોએ હર્ષદભાઈની રચનાઓ દ્વારા તેમને અંજલિ આપી હતી. કવિ શશિભાઈ રાજ્યગુરુએ હર્ષદભાઈની કવિતાઓ પર વિશેષ વિવેચન કર્યું હતું. કાર્યક્રમમાં સ્થાનિક શૈક્ષણિક સંસ્થાઓના પ્રતિનિધિઓ, સ્થાનિક કવિઓ અને મોટી સંખ્યામાં સાહિત્યપ્રેમીઓ હાજર રહ્યા હતા.



તસવીર : ગોપાલ રાઠોડ

# ધારીના હરીપરામાં મહિલાઓ દ્વારા ગાય અને વાછરડાનું પૂજન



ધારી, તા.૨૪

ધારીના હરીપરા ખાતે મહિલાઓ દ્વારા બોળચોથ નીમિતે પારંપારિક ગાય અને વાછરડાઓનું પૂજન કરવામાં આવ્યું હતું. ગામના ગોર દિલાદાદા ત્રિવેદી દ્વારા શાસ્ત્રોક્ત રીતે ગામની મહિલાઓ દ્વારા પૂજન કરાયું હતું. આ કાર્યક્રમ ગોવીંદભાઈ સોજીત્રાના નિવાસસ્થાને રાખવામાં આવ્યો હતો. લોકોને પ્રાચીન સંસ્કૃતિ અંગે જાગૃત કરવાનું કાર્ય કરાયું હતું

**ગોડાઉન ભાડે આપવાના છે.**
જી.આઈ.ડી.સી.માં કુલ 3 ગોડાઉન ભાડે આપવાના છે.
શીતલ આઈસ્કીમની બાજુમાં
અશોકભાઈ 94269 63633
તેજસભાઈ 82008 94309

**નામ બદલાવેલ છે**

આથી હું યશ મિતેષકુમાર મકવાણા જાહેર કરૂ છુ કે મે મારૂ જુનુ નામ યશકુમાર મિતેષભાઈ મકવાણા માંથી બદલાવીને યશ મિતેષકુમાર મકવાણા નવુ કરેલ છે. અને હવે પછીથી હું યશ મિતેષકુમાર મકવાણા તરીકે ઓળખાઈશ.

સહીઃ યશ મિતેષકુમાર મકવાણા
એડ્રેસઃ વિશ્વાસ, માણેકપરા, જુના જકાતનાકાની બાજુમાં, લીલીયા રોડ, અમરેલી, ગુજરાત-૩૬૫૬૦૧

**જાહેર નિવિદા**

આથી જાહેર કરવામાં આવે છે કે જાફરાબાદ તાલુકાના કડીયાળી ગામે બસ સ્ટેન્ડ વિસ્તાર માં આવેલ જર્જરિત સરકારી હોમીયોપેથીક દવાખાનું ઓસ-ારી સહિત કુલ રૂમ-૧ અને કડીયાળી ગ્રામની બિનઉપયોગી પાણીની ટાંકી (જર્જરિત) જે સ્થિતિમાં છે. તે જ સ્થિતિમાં જાહેર હરાજી આગામી તા:૨૭/૮/૨૦૨૪ ને મંગળવારના રોજ સવારના ૧૧:૦૦ કલાકે કડીયાળી ગ્રામપંચાયત કચેરી (રાજીવ ગાંધી ભવન) માં રાખેલ છે. તો રસ ધરાવતી પાર્ટીઓએ પથ્થર, દરવાજા, લાકડુ, બારીઓ તેમજ અન્ય કાટમાળ ખસેડી ઉપરોકત બન્ને મિલકતોની જગ્યા ભોંયતળીયા સુધી ચોખ્ખુ કરવાની જવાબદારી સ્વીકારવાની રહેશે. તેમજ હરાજીમાં ભાગ લેનારે સ્થળ પર રૂપિયા ૫૦૦/- અંકે પાંચ સો રૂપિયા પુરા) ડોપોઝીટ પેટે ભરવાના રહેશે. જે હરાજી ભાગ લેનારે માન્ય રાખવાના રહેશે. હરાજીની માન્ય શરતો સ્થળ પર વાંચી સંભાળાવવામાં આવશે.

**નોંધ : ઈમલાની અપસેટ પ્રાઈસ નીચે મુજબ છે.**
**(૧) સરકારી હોમીયોપેથીક દવાખાનું = ૫૨૪૦/-**
**(૨) ગ્રા.પં.ની જર્જરિત પાણીની ટાંકી = ૧૦,૦૦૦/-**

સચિત 'વ'
તલકટી કામ મંત્રી
કડીયાળી ગ્રામપંચાયત
તા. જાફરાબાદ
જી: અમરેલી

અધ્યક્ષશ્રી 'વ'
સરપંચશ્રી
કડીયાળી ગ્રામપંચાયત
તા. જાફરાબાદ
જી. અમરેલી

# દામનગરમાં વરલી મટકાનો જુગાર રમાડતો ઈસમ ઝડપાયો

દામનગર, તા.૨૪

દામનગરમાંથી પોલીસે વરલી મટકાનો જુગાર રમાડતાં ઈસમને ઝડપી પાડ્યો હતો. શહેરના કોળીવાડ વિસ્તારમાં જુના શાકમાર્કેટ પાસેથી અર્જુનભાઈ જીવનભાઈ સાથળીયા વરલી મટકાનો જુગાર રમી રમાડી કુલ રોકડા ૨૭૩૦ સાથે રેઈડ દરમિયાન પકડાયો હતો. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર.ડી.સિંધવ વધુ તપાસ કરી રહ્યા છે.

**અવસાન નોંધ**


**મથાવાડા**

સ્વ. શ્યામ નાગજીભાઈ ભુરાભાઈ (ઉ.વ.૬૯) તા. ૨૩/૦૮/૨૦૨૪ને શુક્રવાર રામચરણ પામેલ છે. તે અરજણભાઈ ગંભીરભાઈ, વિનોદભાઈના પિતાશ્રી, સ્વ. પરશોત્તમભાઈના નાનાભાઈ, જુંમરભાઈના મોટાભાઈ, દાનાભાઈ, પોપટભાઈ વાલજીભાઈના કાકા, બુધાભાઈ, અશોકભાઈના દાદા થાય છે. ઉત્તરકારજ તા.૦૧/૦૯/૨૦૨૪ને રવિવારના રોજ રાખેલ છે.

Gyanvi Technologies Private Limited | MAKE IN INDIA | OREVA e BIKE MILEAGE MASTI
अब पेट्रोल की टेंशन छोड़ो !
SPECIAL OFFER
OREVA E- BIKE
offer Prize 55,999/- Rs. 59,999/-
Alish
No RTO / PUC LICENCE PETROL POLLUTION REGISTRATION
રાધે મોટર્સ ફોન : ૭૪૦૫૨ ૫૨૩૦૦
સ્ટેશન રોડ, ગોપી સીનેમાની બાજુમાં, અમરેલી.




KAKA PVC PROFILE
શ્રેષ્ઠ કયારેય સસ્તુ ન હોય, સસ્તુ કયારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી




શ્રાવણ માસ સ્પેશ્યલ ઓફર
કોઈપણ 925 સિલ્વર જ્વેલરી ઉપર મેળવો 30 % ડિસ્કાઉન્ટ
અમારી કોઈપણ બ્રાન્ચ પરથી ખરીદી કરી શકો છો... તો રાહ શેની જુઓ છો... આજે જ પધારો...
શ્રીનાથજી જ્વેલર્સ (અમરાપુર વાળા) અંકિત સોની: 99257 57581 / 92650 95977 ભીડભંજન રોડ, નેપ્ચ્યુન હોટલ પાસે, SBI બેંકની સામે, અમરેલી.
યમુના જ્વેલર્સ (અમરાપુર વાળા) હિરેન સોની: 94292 20847 / 81412 07736
શ્રી યમુના જ્વેલર્સ (અમરાપુર વાળા) વિરેન સોની: 98246 28370 હઠીલા હનુમાન મંદિર પાછળ, કાબરીયાના ડેલા સામે, અમરેલી.



વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride... MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, ચામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail: kanpariyavipul4025@gmail.com



એપોઈન્ટમેન્ટ માટે : Mo. 70169 65665
PROFESSIONAL spa
પ્રોફેશનલ ફેમિલી સ્પા
Since : 2018 (7 વર્ષથી)
ભાઈઓ માટે Rs.1599/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
લેડીઝ માટે Rs.799/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/- માં પ્રિમીયમ મસાજ
અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ.



શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી. રૂમ રૂ.૯૯૯
ડીલક્સ રૂમ રૂ.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી



## મચ્છીના વ્યવસાયમાં પારદર્શિતા લાવવા માટે

# જાફરાબાદમાં મચ્છીના વેપારીઓ દ્વારા ઈલેકટ્રીક કાંટાનો ઉપયોગ કરવા રજૂઆત

**તાલુકા પ્રમુખ બાલકૃષ્ણ સોલંકીએ અધિકારીઓને પત્ર પાઠવ્યો**

જાફરાબાદ,તા.૨૪

જાફરાબાદ શહેરમાં મોટી સંખ્યામાં ખારવા સમાજ,કોળી સમાજ,તેમજ મુસ્લીમ સમાજ દ્વારા માછીમારીનો મોટાપાયે વ્યવસાય કરવામાં આવે છે. માછીમાર ભાઈઓ દ્વારા દરિયામાંથી આવતી મચ્છીમાં બોમ્બે ડગ(બુંમ્બલા) બહેનો દ્વારા સોટિંગ કરી સુકવી દેવામાં આવે છે સુકાઈ ગયા બાદ તેમને ગંઠાના રૂપમાં બંડલ વાળી વેપારીભાઈઓને મણના ભાવે ઈલેક્ટ્રિક કાંટા ઉપર વજન કરી પારદર્શીતાથી વહીવટ પૂર્ણ કરવામાં આવે છે. મચ્છીના ધંધામાં બોટ માલિકને નફો રળી આપે તેવી તાજી મચ્છીમાં મુખ્ય ઘોલ, પાપલેટ, ઝીંગા અને અગણિત માછલીઓના પ્રકાર છે. જેમની ખરીદી અર્થે માછીમારીના બંદર ઉપર વર્ષોથી મચ્છીના વેપારીઓ દ્વારા પોતપોતાના ડંગા નાખવામાં આવેલ છે. પરંતુ તેમના દ્વારા ધંધાના વહીવટમાં પારદર્શીતા લાવવા માટે આજ-દિન સુધી કોઈ ઈલેક્ટ્રીક કાંટા ઉપયોગમાં


તસવીર : બાબુભાઈ વાઢેળ

લેવામાં આવતા નથી સાથો - સાથ દરિયામાં માછીમારીના ધંધામાં મચ્છીનું પ્રમાણ ઘટતું જાય છે ૧,૬૦૦ કિ.મી.થી વધુ ગુજરાત રાજ્યનો દરિયા કિનારો છે હાઈ ટેકનોલોજી અને બોટોનું વધુ પ્રમાણ તેમજ ચોમાસાની સિઝન ઘટતી જાય છે જેથી મચ્છી ઉછેરનો પૂરતો સમય મળતો નથી એ પણ એક માછીમાર માટે સમસ્યા છે. ડીઝલ અને અન્ય ખર્ચા મોંઘવારીના સમયમાં માછીમાર ટકી રહેવા રાત દિવસ સંઘર્ષ કરી રહ્યો છે. શહેર હોય કે ગામડું તમામ બજારોના નાના-મોટા વેપારમાં એકંદરે વહીવટ માટે ઈલેક્ટ્રીક કાંટાનો ઉપયોગ ઝડપભેર સામાન્ય બની ગયેલ છે તો આટલા મોટા બંદર ઉપર કરોડોના માછીમારીના ધંધા અર્થે રોકાયેલ મચ્છીના વેપારીભાઈઓ દ્વારા પારદર્શીતા લાવવા માટે કેમ ઈલેક્ટ્રીક કાંટાનો ઉપયોગ કરવામાં આવતો નથી તે એક શંકા ઉત્પન્ન કરતો વેધક પ્રશ્ન છે. જેથી માછીમારોના હિતમાં ઈલેક્ટ્રીક કાંટાનો ઉપાયોગ કરવામાં આવે તે માટે તોલ- માપ અધિકારી અમરેલી, મામલતદાર મદદનીશ મત્સ્ય ઉદ્યોગ નિયામક, બંદર અધિકારી ગુજરાત મેરીટાઈમ બોર્ડ જાફરાબાદને અને ગ્રાહક સુરક્ષા મંડળ જાફરાબાદને તાલુકાના પ્રમુખ બાલકૃષ્ણ સોલંકી દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

# વેવાઈએ વેવાઈને ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી

ખાંભા, તા.૨૪

વેવાઈએ વેવાઈને ગાળો બોલીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. બનાવ અંગે ભાડ ગામે રહેતા ગોબરભાઈ વાલાભાઈ બગડા (ઉ.વ.૬૦)એ લીલીયામાં રહેતા ભીખાભાઈ બધાભાઈ ધારૈયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમની દિકરીના લગ્ન આરોપીના પુત્ર સાથે થયા હતા. લગ્ન જીવન દરમિયાન એક પુત્રીનો જન્મ થયો હતો. તેમણે ઘરેલું હિંસાની કરેલી ફરિયાદને લઈ તેમની દોહિત્રીને રાખવા બાબતે વાતચીત ચાલતી હતી. જે વાતનું મનદુખ રાખી તેમને ગાળો બોલી, જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ઉપરાંત છરી કાઢી મારવા દોડ્યા હતા. ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ કે.બી. ગઢવી વધુ તપાસ કરી રહ્યા છે.

# લીલીયા પોલીસ સ્ટેશન ખાતે ડીવાયએસપી દ્વારા વાર્ષિક ઈન્સ્પેકશન કરવામાં આવ્યું

**સલડી ગામે લોક દરબાર યોજાયો, ગેરકાનૂની પ્રવૃતિઓ ડામવા સૂચના**

અમરેલી,તા.૨૪

લીલીયા પોલીસ સ્ટેશન ખાતે નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈ દ્વારા વર્ષ ૨૦૨૩/૨૪ ના સમયગાળાનું વાર્ષિક ઈન્સ્પેકશન યોજવામાં



આવેલ હતું. વાર્ષિક ઈન્સ્પેકશન દરમિયાન લીલીયા પોલીસ સ્ટેશન ખાતે પરેડ, શીટ રિમાર્ક, પોલીસ લાઈનની વિઝીટ તથા પોલીસ દરબાર યોજવામાં આવેલ તેમજ સલડી ગામે લોક દરબારમાં હાજર તમામ નાગરિકોને કોઈપણ સમસ્યા હોય તો જણાવવા અનુરોધ કરવામાં અવ્યો હતો અને સમગ્ર ઈન્સ્પેકશનની કામગીરી લીલીયા પોલીસ સ્ટેશનના પીએસઆઇ. એસ. આર ગોહિલ દ્વારા કરવામાં આવી હતી.

ડીવાયએસપી દ્વારા ગેરકાનૂની પ્રવૃતિઓ ડામવા માટે કડક સૂચનાઓ આપવામાં આવી હતી.

# જીકીયાળી ગામેથી ૪, રાયડી ગામેથી ૩ મળી કુલ ૭ જુગારી ઝબ્બે

અમરેલી, તા.૨૪

અમરેલી જિલ્લામાંથી બે સ્થળેથી ૭ જુગારી ઝડપાયા હતા, જ્યારે એક ફરાર થઈ ગયો હતો. ખાંભાના જીકીયાળી ગામે રામજી મંદિર વિસ્તારમાંથી સંજયભાઈ પ્રેમજીભાઈ ગોહીલ, જસુભાઈ બાલાભાઈ ખુમાણ, મહેબુબભાઈ સુલેમાનભાઈ તરકવાડીયા, બદરૂભાઈ જીવાભાઈ માંજરીયા જુગાર રમતાં રોકડા ૧૨,૧૭૦ સાથે ઝડપાયા હતા. જ્યારે રાયડી ગામની સીમમાં મોટા સરાકડીયા ગામ તરફ જવાના રસ્તેથી કિશોરભાઈ રામજીભાઈ ચૌહાણ, મહેશભાઈ બાવભાઈ બાબરીયા, માધાભાઈ રાણાભાઈ બાબરીયા રોકડા ૪૩૭૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. જ્યારે મુકેશભાઈ ભાણાભાઈ જોગદિયા ફરાર થઈ ગયા હતા.

# સાવરકુંડલાના ફાચરીયા (વંડા) ગામે શ્રી ગોવર્ધનનાથજી હવેલીમાં પાટોત્સવ ઉજવાયો

વંડા, તા.૨૪

સાવરકુંડલાના ફાચરીયા (વંડા) ગામે શ્રી ગોવર્ધનનાથજી હવેલીનો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. આ પ્રસંગે બીલખાવાળા મનુ બાવા પધાર્યા હતા. અમદાવાદથી જીવનભાઈ નથુભાઈ રામાણી, વિનુભાઈ બચુભાઈ રામાણી સહિત સુરતથી પણ ઘણા વૈષ્ણવો



ઉપસ્થિત રહ્યા હતા. પલના-નંદ મહોત્સવ વખતે ફાચરીયા ગામે જાણે કે ગોકુળ બની ગયું હોય તેવો માહોલ રચાયો હતો.

## બાબરાના બળેલ પીપરીયા ગામે વાડીએથી ૩૧૭ બોટલ વિદેશી દારૂ ઝડપાયો

# ટીંબી ગામેથી બાઈક પર દારૂની ખેપ મારતા બે શખ્સ ઝડપાયા

**પોલીસે ૧૭૫ વિદેશી દારૂની બોટલ સાથે કુલ રૂ.૫૧,૮૪૨નો મુદ્દામાલ જપ્ત કર્યો**

અમરેલી, તા.૨૪

અમરેલી જિલ્લામાં પ્રોહીબીશનની પ્રવૃતિ કરતાં ઈસમો સામે પોલીસે લાલ આંખ કરી છે. ટીંબી ગામેથી મોલી રોડ જવાના રસ્તેથી હાલ સુરતમાં રહેતો કૌશિકભાઈ જોરૂભાઈ ગુજરીયા (ઉ.વ.૩૦) તથા ટીંબી ગામે રહેતો જગદીશભાઈ રામભાઈ વાળા (ઉ.વ.૩૦) પાસેથી ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂની વિવિધ બ્રાંડની ૧૭૫ બોટલ મળી આવી હતી. પોલીસે બાઈક સહિત કુલ ૫૧,૮૪૨ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. અમરેલીના બળેલ



પીપરીયા ગામની સીમમાંથી મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાનો ચમારીયાભાઈ જુગડાભાઈ વાસ્કલે (ઉ.વ.૩૩) ભાગવી રાખેલી વાડીએથી ભારતીય બનાવટના વિદેશી દારૂની વિવિધ બ્રાંડની ૩૧૭ બોટલો સાથે ઝડપાયો હતો. પોલીસે ૯૩,૫૧૫ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જિલ્લામાં ચાર સ્થળેથી ૨૩ લીટર પીવાનો દેશી દારૂ મળી આવ્યો હતો. જિલ્લામાં ૧૩ સ્થળેથી કેફી પીણું પીને ફરતા ઈસમો મળી આવ્યા હતા.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૫૦ | ૧૫૮૬ |
| ઘઉં લોકવન | ૫૩૦ | ૫૮૦ |
| ઘઉં ટુકડા | ૫૪૫ | ૬૦૦ |
| તુવેર | ૧૪૦૦ | ૨૦૮૦ |
| ચણા પીળા | ૧૩૫૦ | ૧૫૦૦ |
| ચણા સફેદ | ૧૯૦૦ | ૨૭૦૦ |
| અડદ | ૧૬૦૦ | ૧૭૯૪ |
| મગ | ૧૪૫૦ | ૧૬૦૪ |
| મગફળી જાડી | ૧૦૭૦ | ૧૨૧૫ |
| મગફળી જીણી | ૧૦૫૦ | ૧૧૨૫ |
| તલી | ૧૯૦૦ | ૨૪૮૫ |
| સુરજમુખી | ૬૮૦ | ૬૮૦ |
| એરંડા | ૧૧૧૧ | ૧૧૯૩ |
| કાળા તલ | ૨૮૦૦ | 3333 |
| લસણ | ૪૫૦૦ | ૬૪૦૦ |
| ધાણા | ૧૦૦૫ | ૧૩૫૫ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૨૨૦ |
| જીરૂ | ૪૩૬૧ | ૪૭૦૦ |
| રાય | ૧૧૬૦ | ૧૨૧૫ |
| મેથી | ૯૦૦ | ૧૨૬૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૯૦૦ | ૧૩૦૦ |
| બટેટા | ૩૦૦ | ૬૬૧ |
| ટમેટા | ૪૦૦ | ૮૦૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| કોથમરી | ૮૦૦ | ૧૨૦૦ |
| મુળા | ૩૦૦ | ૪૦૦ |

| | | |
|---|---|---|
| રીંગણા | ૩૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૩૬૦ | ૬૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૮૦૦ |
| ચોળાસીંગ | ૨૦૦ | ૪૦૦ |
| વાલોળ | ૫૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૮૦૦ |
| દુધી | ૬૦ | ૧૫૦ |
| કારેલા | ૧૦૦ | ૩૦૦ |
| સરગવો | ૬૦૦ | ૧૨૦૦ |
| તુરીયા | ૧૩૦ | ૨૫૦ |
| પરવળ | ૮૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૨૦૦ | ૩૦૦ |
| ગાજર | ૨૫૦ | ૪૦૦ |
| કંટોલા | ૮૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૧૦૦ | ૨૦૦ |
| બીટ | ૩૦૦ | ૫૦૦ |
| મેથી | ૪૦૦ | ૭૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૫૦૦ |
| આદુ | ૧૦૦૦ | ૧૮૦૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૫૦૦ |
| મગફળી લીલી | ૪૦૦ | ૭૦૦ |
| મકાઇ લીલી | ૧૪૦ | ૨૬૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૧૦ | ૫૨૦ |
| રીંગણાં | ૨૦૦ | ૩૦૦ |

| | | |
|---|---|---|
| ફુલાવર | ૪૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૪૦૦ | ૫૦૦ |
| ટામેટા | ૬૦૦ | ૮૫૦ |
| સુરણ | ૧૭૦૦ | ૧૯૦૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દૂધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૨૦૦ | ૩૦૦ |
| ગલકા | ૨૦૦ | ૩૦૦ |
| મુળા | ૨૫૦ | ૩૦૦ |
| કાકડી | ૧૦૦ | ૨૦૦ |
| ગુવાર | ૨૫૦ | ૪૦૦ |
| વાલોળ | ૪૦૦ | ૫૦૦ |
| ચોળાલીલાં | ૨૦૦ | ૩૦૦ |
| તુરીયા | ૨૫૦ | ૪૦૦ |
| ભીંડો | ૨૫૦ | ૪૦૦ |
| આદુ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| કોથમીર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| મેથીભાજી | ૭૦૦ | ૮૦૦ |
| ફુદીનો | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ટીંડોરા | ૭૦૦ | ૮૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| લીમડો મીઠો | ૧૨૦ | ૧૪૦ |
| મરચા લીલા | ૮૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૬૦૦ | ૭૦૦ |
| ડુંગળી સૂકી | ૭૦૦ | ૭૨૦ |
| લસણ સૂકું | ૨૦૦૦ | ૪૦૦૦ |
| મકાઇ | ૨૦૦ | ૩૦૦ |

| | | |
|---|---|---|
| લીંબુ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| પાલક | ૫૦૦ | ૬૦૦ |
| શિંગ ઓળા | ૬૫૦ | ૭૫૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૫૦ | ૮૫૦ |
| તલ સફેદ | ૨૩૮૦ | ૨૩૮૦ |
| બાજરો | ૪૫૫ | ૫૦૭ |
| ઘઉ ટુકડા | ૪૬૫ | ૫૭૩ |
| જુવાર | ૭૦૦ | ૮૦૦ |
| ચણા | ૧૩૦૧ | ૧૩૫૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૪૦૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૦૦ |
| ગમ ગુવાર | ૬૦૦ | ૬૦૦ |
| **મહુવા** | | |
| જુવાર | ૪૭૨ | ૪૭૨ |
| બાજરી | ૪૫૦ | ૫૧૪ |
| ઘંઉ ટુકડા | ૪૭૬ | ૬૪૯ |
| અડદ | ૩૮૦ | ૩૮૦ |
| મગ | ૭૪૫ | ૮૪૦ |
| સોયાબીન | ૭૫૩ | ૭૫૩ |
| ચણા | ૧૦૩૦ | ૧૫૦૦ |
| તલ સફેદ | ૨૨૭૫ | ૨૪૪૨ |
| ચોળા | ૩૫૫ | ૬૦૧ |
| વાલ | ૫૦૦ | ૫૦૦ |
| ડુંગળી લાલ | ૧૧૪ | ૭૮૬ |
| ડુંગળી સફેદ | ૨૨૦ | ૩૪૭ |
| નાળીયેર | ૫૧૦ | ૨૦૧૫ |

# 'અમારી દિવાલમાંથી ઈંટો કાઢીને કાણું ન પાડો' કહેતા બે પક્ષોમાં જામી

**દલખાણીયા ગામે બંને પક્ષોએ સામ સામી ફરિયાદ નોંધાવી**

ધારી, તા.૨૪

ધારીના દલખાણીયા ગામે બે પક્ષોમાં નજીવી વાતમાં માથાકૂટ થઈ હતી અને બંને પક્ષોએ સામ સામી ફરિયાદ નોંધાવી હતી. ભાવેશભાઈ ભીમજીભાઈ માલણીયા (ઉ.વ.૩૮)એ કિશોરભાઈ રવજીભાઈ ડાભી, મહેશભાઈ કિશોરભાઈ ડાભી તથા કંચનબેન કિશોરભાઈ ડાભી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે કિશોરભાઈ ડાભીને અમારી દિવાલમાંથી ઈંટો કાઢીને કાણું ન પાડો તેમ કહેતા આરોપીને સારું નહોતું લાગ્યું અને ગાળો આપી શરીરે મુંઢ માર માર્યો હતો. ઉપરાંત તેમને માથાના પાછળના ભાગે કાન પાસે એક ગુપ્તીનો ઘા મારી દેતા છ ટાંકા જેવી ઈજા કરી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ કિશોરભાઈ રવજીભાઈ ડાભી (ઉ.વ.૫૪) એ ભાવેશભાઈ માલણીયા, અરવિંદભાઈ ભીમજીભાઈ માલણીયા, ભીમજીભાઈ કાનજીભાઈ માલણીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે ભાવેશભાઈ માલણીયાને તેના ધાબાની અગાસી ઉપર ચડવાની ના પાડી, બારીને વેલ્ડીંગ મારી બંધ રાખવાનું કહેતા આરોપીએ ગાળો આપી શરીરે મુંઢ માર માર્યો હતો. ઉપરાંત લાકડી વડે માર મારી જેમ ફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. બી.ખાચર વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલામાં જન્માષ્ટમી પર્વ નિમિત્તે ભવ્ય શોભાયાત્રાનું આયોજન

**શહેરના વિવિધ માર્ગો પર નીકળનાર શોભાયાત્રામાં જોડાવા અનુરોધ**

રાજુલા,તા.૨૪

રાજુલામા જન્માષ્ટમી ઉત્સવ કમિટી દ્વારા જન્માષ્ટમી પર્વની શાનદાર ઉજવણી કરાશે. અહી પાંચ કિમી લાંબી શોભાયાત્રા નીકળશે. હાલ શહેરને ધજા પતાકાથી શણગારાયુ છે. જન્માષ્ટમી ઉત્સવ કમિટી દ્વારા જન્માષ્ટમીના પર્વે સ્વામિનારાયણ મંદિરથી ભવ્ય શોભાયાત્રાનુ પ્રસ્થાન થશે. આ શોભાયાત્રા લીંબડીયા સાંઈબાબા મંદિર, હવેલી ચોક, મુખ્ય બજાર, પોલીસ સ્ટેશન, હોસ્પિટલ ચોક, બસ સ્ટેન્ડ ચોક, હઠીલા હનુમાન સુધી નીકળશે. શોભાયાત્રામા ખેલૈયાઓ, મંકી માસ્ટર, કથ્થક નૃત્ય, નાસિક ઢોલ, સીદી ધમાલ આકર્ષણનુ કેન્દ્ર બનશે. દરેક ચોકમા ૨૦ મટકીફોડ કાર્યક્રમ યોજાશે. કમિટીના જેન્તીભાઈ જાની, જયેશભાઈ શેઠ, પ્રવિણભાઈ બાવળીયા, અર્જુનભાઈ ગોહિલ, યોગેશભાઈ શાહ, ભુપતભાઈ ધોળકીયા, હરેશભાઈ કાતરીયા, જીગરભાઈ રાયચા, પાર્થભાઈ દોશી સહિત જહેમત ઉઠાવી રહ્યાં છે.

# કોલકાતા બળાત્કાર કેસ : મમતારાજના અંતનો આરંભ !

કોલકાતામાં પ્રશિક્ષુ મહિલા ડૉક્ટર પર જે રીતે નૃશંસ સામૂહિક બળાત્કાર થયો અને તે પછી જે રીતે મમતા સરકારે તેના પર ઢાંકપિછોડો કરવાનો પ્રયાસ કર્યો, તે પછી મહારાષ્ટ્રના બદલાપુરમાં બળાત્કારની ઘટના બની, તેનાથી દેશભરની મહિલાઓ આક્રોશિત છે. પરંતુ પશ્ચિમ બંગાળની બાબતે જનતા વધુ આક્રોશિત છે કારણકે તેમાં બળાત્કાર, હત્યા ઉપરાંત હૉસ્પિટલમાં પથારી પૈસા લઈને આપવી, લાશોનો વેપાર કરવા સહિતના આક્ષેપો થઈ રહ્યા છે. તે કરતાંય મમતા સરકારે જે રીતે તેના પર ઢાંકપિછોડો કર્યો, પૂર્વ પ્રાચાર્ય સંદીપ ઘોષને બચાવી રહી છે તેનાથી વધુ રોષ છે.

પહેલાં તો બળાત્કાર-હત્યાના બદલે તેને આત્મહત્યામાં ખપાવવાનો પ્રયાસ મમતા સરકારે કર્યો, તે પછી તેનાં માતાપિતાને મૃતદેહ જોવા દેવા માટે ત્રણ કલાક પ્રતીક્ષા કરાવડાવી, પોલીસ દ્વારા પીડિતાના પરિવારને સહયોગ ન કરવો અને જેમ બને તેમ ઝડપથી કેસ બંધ કરવા ચેષ્ટા કરવી, તપાસ ચાલુ હતી ત્યાં જ પીડિતાના મૃતદેહના અંતિમ સંસ્કાર ઉતાવળે કરાવી દેવા, એફઆઈઆર નોંધવામાં ૧૪ કલાકનો વિલંબ, હૉસ્પિટલના પ્રાચાર્ય સંદીપ ઘોષને સસ્પેન્ડ કરવાના બદલે તેને ૧૨ ઑગસ્ટે કોલકાતા નેશનલ મેડિકલ કૉલેજ અને હૉસ્પિટલના પ્રાચાર્ય તરીકે સ્થાનાંતરિત કરી દેવાયા અને ૨૨ ઑગસ્ટના સમાચાર પ્રમાણે, તો તેમને રાજ્ય સરકારના આરોગ્ય ખાતામાં વિશેષ ફરજ પરના અધિકારી (ઓએસડી) તરીકે નિયુક્ત કરાયા, હૉસ્પિટલમાં જ્યાં બળાત્કાર થયો તેની બાજુમાં રિનૉવેશનનું કામ ચાલુ થઈ જવું જેથી પુરાવા મટાડી શકાય અને વિરોધ પ્રદર્શનના નામે ભીડને હૉસ્પિટલમાં ઘૂસાડી તોડફોડ કરવા દેવામાં પોલીસનું મૂંગા મોઢે જોવું. આવી અનેક ઘટનાઓ બની.

૧૩ ઑગસ્ટે કોલકાતા ઉચ્ચ ન્યાયાલયે સીબીઆઈ તપાસનો આદેશ આપ્યો. પરંતુ મમતા સરકાર ઉલટું જે લોકો આ ઘટનાઓ વિશે પ્રશ્નો પૂછી રહ્યા છે, ઘટના વિશે લખી રહ્યા છે તેમની સામે પોલીસ ફરિયાદ કરવામાં વ્યસ્ત હતી. બી. કૉમ.ના બીજા વર્ષમાં ભણતા એક વિદ્યાર્થીની સૉશિયલ મીડિયા પર પૉસ્ટ લખવા માટે પોલીસે ધરપકડ કરી, તો ૨૮૦ જણાને નૉટિસ પાઠવી. epicnephrin_e નામથી ટ્વિટરમાં ખાતું ધરાવતી એક મહિલા ડૉક્ટરને આ ઘટના સામે અવાજ ઉઠાવવા બદલ ૧૬ ઑગસ્ટની વહેલી સવારે કોલકાતા પોલીસ તેના ઘરે પહોંચી ગઈ. તેના ભાઈએ બે હાથ જોડી ગદગદ સ્વરે વિનંતી કરી. આ મહિલા ડૉક્ટરને ટ્વિટર પર ડાયરેક્ટ મેસેજ (ડીએમ)માં બળાત્કારની ધમકીઓ પણ મળવા લાગી. પરંતુ પોલીસના ધમકાવાયા પછી તેણે પોતાની પૉસ્ટ માટે ક્ષમા માંગવી પડી. આવા તો અનેક જણા છે જેમને ત્યાં કાં પોલીસ પહોંચી અથવા તો તેમને નૉટિસ પાઠવવામાં આવી.

તૃણમૂલ કૉંગ્રેસના નેતાઓ તો લાજવાના બદલે ગાજવા લાગ્યા. આવા મુદ્દે સરકાર પર કડક કાર્યવાહી કરવા દબાણ લાવવું જોઈએ. તે તો ઘરે ગયું, પરંતુ જે લોકો મમતાની ટીકા કરતા હતા તેમના હાથ તોડી નાખવાની તૃણમૂલના નેતા અને રાજ્ય સરકારમાં પ્રધાન ઉદયન ગુહાએ ધમકી આપી.

સંસદની અંદર અને બહાર તેજાબી ગણાતાં અને ફેમિનિસ્ટ મહુઆ મોઈત્રાએ તો લજ્જાસ્પદ રીતે જાણે આટલી મોટી ઘટના બની જ નથી તેમ સાર્વજનિક બચાવ કર્યો. તેના લીધે સૉશિયલ મીડિયાના વપરાશકારોએ તેમની ભારે ટીકા કરી. તૃણમૂલના નેતા કુણાલ ઘોષે અત્યંત લજ્જાસ્પદ રીતે કહ્યું કે બળાત્કાર ક્યાં નથી થતો? કોલકાતા બળાત્કાર-હત્યાની તુલના પુલવામામાં આતંકવાદીઓએ સેનાની વાહનશ્રૃંખલા પર કરેલા આક્રમણ સાથે કરી કે એ કેસમાં પણ ન્યાય નથી મળ્યો.

તૃણમૂલના સાંસદ અરુપ ચક્રવર્તીએ કહ્યું કે હડતાળ કરી રહેલા ડૉક્ટરોને જનતાના ગુસ્સાનો સામનો (એટલે કે જનતાના રૂપે તૃણમૂલ ગુંડા મોકલશે) કરવો પડશે. તેમણે એમ પણ કહ્યું કે મહિલા ડૉક્ટરો આંદોલનના નામે બૉયફ્રેન્ડને લઈને ફરવા ચાલી જાય છે. તેથી જનતામાં રોષ તો જન્મશે જ.

સીબીઆઈને જેવી તપાસ સોંપવામાં આવી એટલે મમતાએ નવું નાટક શરૂ કર્યું. તેમણે પદયાત્રા કાઢી. ૧૪ ઑગસ્ટે તેમણે માગણી કરી કે ૧૮ ઑગસ્ટ એટલે કે ચાર દિવસમાં જ દોષીઓને ફાંસી આપવામાં આવે. એક તો, કોલકાતા પોલીસે ઑલરેડી ઢાંકપિછોડો કરવાનો પ્રયત્ન કર્યો જ હોય, બીજું પ્રદર્શનકારીઓના નામે ભીડે ઘૂસીને તોડફોડ કરી અને રિનોવેશનના નામે તોડફોડ થઈ તેમાં પુરાવા ધોવાઈ ગયા હોય તેમાં ચાર જ દિવસમાં દોષિતોને ફાંસીની માગણી કરી મમતાએ ઉલટા ચોર કોતવાલ કો ડાંટેની જેવી સ્થિતિ ઊભી કરવાનો પ્રયાસ કર્યો. ૯ ઑગસ્ટે અપરાધ બન્યો હતો તો તો ૧૪ તારીખ સુધીમાં તેમની જ પોલીસ કેમ દોષિતોને ફાંસીની સજા ન આપી શકી?

એવું નથી કે તૃણમૂલના બધા જ સાંસદો નિર્લજ્જ રીતે આ જઘન્ય અપરાધના બચાવમાં છે. રાજ્યસભા સાંસદ સુખેન્દુ શેખર રાય અને નેતા શાંતનુ સેને સાર્વજનિક રીતે આ બાબતે અપ્રસન્નતા વ્યક્ત કરી. તૃણમૂલ સાંસદ જૂન માલિયાએ પણ એક વિરોધ કૂચનું નેતૃત્વ કર્યું. મમતા બેનર્જીના માનીતા અને ક્રિકેટ નિયંત્રણ મંડળના પૂર્વ અધ્યક્ષ સૌરવ ગાંગુલીએ પહેલા બચાવ કર્યો હતો અને કહ્યું હતું કે અનેક ઘટનાઓ પૈકીની એક ઘટના (એટલે કે આ કોઈ જઘન્ય અપરાધ નહોતો, આ તો એક ઘટના હતી) ગણાવી હતી, પરંતુ જનતાનો આક્રોશ જોઈ પહેલાં તેણે પોતાનું ટ્વિટર પરના ડીપી (પ્રૉફાઇલ ચિત્ર) તરીકે કાળું ચોરસ મૂક્યું અને પછી તેણે પત્ની ડોના સાથે પ્રદર્શનમાં જોડાવા જાહેરાત કરી.

મમતા જિદ્દી છે. પોતાના સાથીઓને બચાવવા ગમે તે હદે જાય છે અને નાનામાં નાના વિરોધીઓને છોડતા નથી.

મમતા બેનર્જીને મુખ્ય પ્રધાન બન્યાને એક વર્ષ થયું હતું ત્યારની એટલે કે ૨૦૧૨ની વાત છે. પાંચ ફેબ્રુઆરી ૨૦૧૨ની મોડી રાત્રે કોલકાતાના પાર્ક સ્ટ્રીટ વિસ્તારમાં આવેલી એક નાઈટ ક્લબ બહાર પીડિતા ઊભી હતી. પાંચ બદમાશોએ તેને ઘરે છોડી દેવા ઑફર કરી. તે વિશ્વાસ કરી બેસી ગઈ પરંતુ તેનો વિશ્વાસ ઠગારો નિવડ્યો. કાદર ખાન, મોહમ્મદ અલી, નાસીર ખાન, રુમન ખાન અને સુમિત બજાજે ચાલતી કારે તેના પર સામૂહિક બળાત્કાર કર્યો અને પછી એક્સાઈડ ફાટક પાસે ફેંકી દીધી. રાત્રે ૩.૩૦ કલાકે તે ટૅક્સી કરી માંડમાંડ ઘરે પહોંચી. ૯




ફેબ્રુઆરીએ તે પોલીસ ફરિયાદ નોંધાવા ગઈ તો પોલીસે ફરિયાદ નોંધવાના બદલે તેની મજાક ઉડાવતા કહ્યું કે (સેક્સની) કઈ મુદ્રામાં તેના પર બળાત્કાર કરાયો હતો. મેડિકલ તપાસમાં તેના ગુપ્તાંગમાં ઈજાની પુષ્ટિ થઈ.

આ કેસની તપાસ કરી રહેલા સંયુક્ત પોલીસ કમિશનર (અપરાધ) દમયંતી સેનની બદલી મમતા સરકારે કરી નાખી. ઢીલી તપાસના કારણે પીડિતા સુઝેત જૉર્ડને પોતાની ઓળખ જાહેર કરવાનું નક્કી કર્યું અને પશ્ચિમ બંગાળમાં થઈ રહેલા બળાત્કારો સામે પ્રદર્શન કરવા સડક પર ઉતરવાનું નક્કી કર્યું. ૨૦૧૫માં સુઝેત જૉર્ડનનું સરકારી હૉસ્પિટલમાં મૃત્યુ થયું. આ અપરાધ પર ૨૦૧૨માં 'તીન કન્યા' નામની બંગાળી ફિલ્મ બની. તેમાં તૃણમૂલના નેતા અને ઉચ્ચ શિક્ષણના પ્રધાન બ્રાત્ય બાસુએ અભિનય પણ કર્યો, પરંતુ મમતા બેનર્જીએ તેનું પ્રદર્શન અટકાવી દીધું અને કારણ આપ્યું કે તેમાં રાજ્ય વિરુદ્ધ સંદેશ છે! તે પછી પોલીસ અધિકારી નઝરુલ ઈસ્લામે 'મુસલમાનદર કી કરનિયા' (મુસલમાનોએ શું કરવું જોઈએ) તેવું પુસ્તક લખી મમતા સરકારની મુસ્લિમોની ખરાબ સ્થિતિ માટે ટીકા કરી તો તેના પર મમતા બેનર્જીએ પ્રતિબંધ મૂકી દીધો.

૨૦૧૨માં જાદવપુર વિશ્વ વિદ્યાલયના કેમિસ્ટ્રીના પ્રાધ્યાપક અંબિકેશ મહાપાત્રએ મમતા બેનર્જીની ટીકા કરતું કાર્ટૂન ફૉરવર્ડ કર્યું હતું. તેમણે પોતે બનાવ્યું નહોતું પણ ફૉરવર્ડ કર્યું હતું, તો પણ તેમની ધરપકડ કરવામાં આવી અને આ માટે તેઓ ૧૧ વર્ષ જેલમાં રહ્યા! ગયા વર્ષે તેઓ જેલમાંથી છૂટા થયા.

સંદેશખાલીમાં દલિત-આદિવાસી અને તે પણ તૃણમૂલ સમર્થક મહિલાઓ પર બળાત્કાર અને તેમની જમીન પચાવી પાડવાના આરોપી શેખ શાહજહાંને બચાવવા માટે તેમણે આકાશપાતાળ એક કરી દીધા. પશ્ચિમ બંગાળમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી હોય, વિધાનસભાની કે લોકસભાની, તેમાં ભારે હિંસા થાય છે. અભ્યર્થીઓ સુરક્ષિત રીતે ફૉર્મ ભરવા પણ કલેક્ટર ઑફિસે જઈ શકતા નથી. આથી કોલકાતા ઉચ્ચ ન્યાયાલયે વૉટ્સઍપ પર ફૉર્મ સ્વીકારવા ૨૦૧૮માં આદેશ આપવો પડ્યો હતો. ૨૦૨૧ની વિધાનસભા ચૂંટણીમાં મમતા જીત્યા છતાં તેમના પક્ષના નેતાઓ-ગુંડાઓએ ચૂંટણી પરિણામના દિવસે વીણીવીણીને ભાજપના કાર્યકરો, નેતાઓ અને સમર્થકોને નિશાન બનાવ્યા. હત્યા કરી, ઘર સળગાવ્યા, બળાત્કાર કર્યા અને હિન્દુઓનું કાશ્મીર જેવું જ પલાયન થયું. એ જ રીતે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં દરેક રાઉન્ડમાં તૃણમૂલના નેતાઓએ હિંસા ન કરી હોય તેવું નથી બન્યું અને ચૂંટણી પતી પછી પણ હિંસા કરી. ત્યાં ભાજપ તો ઠીક, જે પહેલા આવી જ હિંસા કરતા હતા તે સીપીએમના ડાબેરી નેતાઓ અને કૉંગ્રેસના નેતાઓ પણ સુરક્ષિત નથી. તેમના પર પણ આક્રમણ થાય છે. ભાજપ સિવાયના વિપક્ષના અનેક કાર્યકર્તાઓની હત્યા થઈ છે.

પશ્ચિમ બંગાળમાં કેટલાક ચોક્કસ વિસ્તારોમાં લગભગ ઘરે-ઘરે બૉમ્બ બનાવવાની ફૅક્ટરી છે. બાળકો બૉમ્બને રમકડું માનીને લેવા જતાં ઘાયલ થયાના સમાચારો આવે છે. કોલકાતાના મુસ્લિમ મેયર અને સરકારમાં પ્રધાન (આ રીતે બંને પદ પર રહી શકાય?) ફિરહાદ હકીમે સાર્વજનિક રીતે કહ્યું કે જે લોકો મુસ્લિમ નથી તેઓ હતભાગી છે. તેમણે ઈસ્લામ અંગીકાર કરી લેવો જોઈએ.

પશ્ચિમ બંગાળમાં બાંગ્લાદેશી મુસ્લિમો અને રોહિંગ્યાઓને વસાવવાનું ડાબેરીઓનું કામ મમતાએ આગળ ધપાવી રાજ્યનું જિહાદીકરણ કરી નાખ્યું છે. શૈખ શાહજહાં પણ બાંગ્લાદેશથી જ આવ્યો હતો અને અહીં દાદાગીરી-ગુંડાગીરી કરવા લાગ્યો. મહિલાઓનું જીવવાનું મુશ્કેલ કરી દીધું. ઉત્તર દિનાજપુરના ચોપડા ખાતે તૃણમૂલના ધારાસભ્ય હમીદુલ રહમાનના નિકટના તાજમુલે એક યુવતી અને યુવકને જાહેરમાં નિર્મમ માર માર્યો હતો અને હમીદુલે તેનો બચાવ કરતા કહ્યું હતું કે 'ઈસ્લામ રાજમાં આવું તો થાય.' આમ, મહિલા મુખ્ય પ્રધાન મમતાના રાજમાં સ્વયં મહિલાઓનું જીવવાનું જ મુશ્કેલ થઈ ગયું છે. તેમાં કોલકાતાનો કેસ ભારે આક્રોશનું કારણ બની ગયો છે. આ કેસમાં હવે ભત્રીજા અને લોકસભા સાંસદ અભિષેક બેનર્જી પણ ફઈ મમતા સામે પડ્યા છે. અભિષેક બેનર્જી આર.જી. કર મેડિકલ કૉલેજ અને હૉસ્પિટલના પ્રાચાર્ય સંદીપ ઘોષની સામે કડક પગલાં લેવાની તરફેણમાં હતા કારણકે આનાથી પક્ષની છબિ ખરડાતી હતી, પરંતુ પોતાની નજીકના ડૉક્ટરોના કહેવાથી મમતાએ સંદીપને બચાવી લીધા છે. જ્યારે ભીડે હૉસ્પિટલમાં તોડફોડ કરી તો અભિષેક બેનર્જીએ કડક પગલાં લેવાની માગણી કરી. ગૃહ ખાતું મમતાએ પોતાના હાથમાં રાખ્યું છે. એટલે તેમના જ આદેશ પોલીસને જતા હોય, પરંતુ અભિષેક બેનર્જીએ સીધા જ પોલીસ કમિશનરને ફૉન કરી ત્વરિત કાર્યવાહી કરવાના આદેશ આપ્યા જે મમતાને સ્વાભાવિક જ પસંદ ન પડ્યા. મમતા બેનર્જીએ ભત્રીજાને રેલીમાં જોડાવા અને આ વિષયમાં પરિસ્થિતિ થાળે પડે તે માટે આગળ આવવા કહ્યું પરંતુ અભિષેકે તે વાત ન માની. અભિષેકની નિકટના મનાતા રાજ્યસભાના પૂર્વ સાંસદ શાંતનુ સેને આર.જી. કર હૉસ્પિટલમાં મહિલાઓની સુરક્ષા સામે પ્રશ્નો કર્યા તેનાથી મમતા સરકાર ઘેરાઈ ગઈ. તેમણે કહ્યું કે તેઓ પોતે આર.જી. કરના પૂર્વ વિદ્યાર્થી છે અને તેમની દીકરી ત્યાં ભણે છે. હવે મને મૂંઝવણ થાય છે કે નાઈટ ડ્યૂટીમાં મારી દીકરીને મોકલું કે નહીં. મમતાએ તરત જ વિલંબ કર્યા વગર તેમને પ્રવક્તા પદેથી હટાવી દીધા.

## વિચાર વલોણું



જયવંત પંડ્યા

મીડિયા પ્રબંધનનું ઉત્તરદાયિત્વ અભિષેક બેનર્જીની ટીમ સંભાળતી હતી, તેમની પાસેથી મમતાએ લઈ પોતાની ટીમને સોંપી દીધું.

આ બધામાં પ્રશ્ન વડાપ્રધાન મોદી સામે પણ આવે છે. આટલું-આટલું થવા છતાં તેઓ કેમ પ. બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન નથી લાદતા? શું ભૂતકાળમાં અરુણાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાના પ્રયાસો સામે કૉર્ટ પડી હતી (અને હજુય કૉર્ટનું વલણ તો સરકાર સામે છે જ) અને પ. બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન લાદવા જાય તો ન્યાયાલયમાં તેમની સરકારની આકરી ટીકા કરવામાં આવે અને ભાજપ વિરોધી મીડિયા પણ કોલકાતા કેસ કે મમતા સરકારમાં કાયદા-વ્યવસ્થાની કથળેલી સ્થિતિને પડતી મૂકી, લોકતંત્ર ભયમાં છે તેવી દુહાઈ લખવા લાગે. આ કારણ છે? કે પછી મોદી ઈચ્છે છે કે તેમના ખાતે નહેરુ, ઈન્દિરા અને રાજીવની જેમ અનુચ્છેદ ૩૫૬ના દુરુપયોગનું પાપ ન ચડે. તેમનો આ બાબતે રેકૉર્ડ સ્વચ્છ રહે? કે પછી તેઓ ઈચ્છે છે કે પ. બંગાળના લોકો મમતાથી ત્રસ્ત બની કંટાળી, આગામી ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણીમાં મમતાને હરાવે અને ભાજપને જિતાડે? ખબર નહીં કે મોદીના મનમાં શું છે પરંતુ ૨૦૨૬ની ચૂંટણી સુધીમાં સત્તા પોતાના હાથમાં રાખવા મમતા હજુ શું-શું ખેલ નહીં કરે અને પ. બંગાળમાં જિહાદીઓ અપરાધનો કેવો નગ્ન નાચ કરશે તે કલ્પના કરતાં પણ ધ્રૂજી જવાય છે. ■ jaywant.pandya@gmail.com

# આપણો રાજકીય સામાજિક એક્સ-રે

સમગ્ર સમાજને સારો કહેવા માટે તેની આગળ સભ્ય શબ્દ જોડવામાં આવે છે. સભ્યની આગળનો શબ્દ છે સભ્યતા.સભ્યતાને સંસ્કૃતિના સમાનર્થી તરીકે પણ વાપરવામાં આવે છે. પ્રાચીનકાળની સંસ્કૃતિઓ જેમ કે સિંધુખીણ, હડપ્પા,મેસોપોટેમીયા જેવી સંસ્કૃતિઓ માટે સભ્યતા શબ્દ પણ વપરાય છે. સામાન્ય અર્થમાં સભ્ય હોવું એટલે સુસંસ્કૃત હોવું. સભ્યતાથી બેસો, સભ્યતાથી વર્તો, સભ્યતાથી બોલો જેવા શબ્દો આપણે છાસવારે પ્રયોગ કરીએ છીએ, એમના માટે જેઓસારી રીતે બેઠા નથી, સારી રીતે વર્તન કરતા નથી કે સારી રીતે બોલતા નથી. કદાચ સૌથી વધુ ઉપયોગમાં લેવાતા અને સૌથી ઓછા સમજાતા શબ્દો છે. સભ્યતા એ સરકાર, સંસ્થા કે કોઈ પણ વ્યવસાયિક કે વ્યવહારિક ક્ષેત્ર દ્વારા લાદવામાં આવેલા નિયમો નથી પણ સમૂહજીવનમાં પારસ્પરિક વ્યવહાર અને સંબંધો વિકસાવવા માનવીએ પોતે સ્વજીવનમાં નક્કી કરેલું યોગ્ય વર્તન છે. સભ્યતા એટલે સમૂહની સાથે કે કોઈ વ્યક્તિ સાથેનો સુયોગ્ય વિવેકપૂર્ણ વ્યવહાર. સભ્યતા એટલે સ્વયં શિસ્ત,સભ્યતા એટલે વિવેક. સભ્યતા એટલે એક વ્યક્તિનો બીજી વ્યક્તિ તરફનો આદરભાવ. જે સામુહિક અને વૈયક્તિક બંને બાબત છે. આજે આપણા સમાજમાં સ્ત્રી પુરુષ સરખામણીની એક ચર્ચા સતત થતી રહે છે. સ્ત્રીને પુરુષ સમોવડી ગણીને સમાજમાં યોગ્ય સ્થાન આપવું જોઈએ. દરેક ક્ષેત્રમાં સમાન તકો ઉપલબ્ધ કરાવવી જોઈએ, જેવી ચર્ચાઓ વ્હોલસેલર રાજકીય અને સામાજિક ઠેકેદારો સતત કરતા રહે છે. સ્ત્રી સશક્તિકરણનું પ્રથમ પ્રતિબિંબ દેશના પ્રતિનિધિત્વમાં પડવું જોઈએ. દેશ સ્ત્રીઓને કેટલું પ્રાધાન્ય આપે છે તે દેશના ધારાગૃહોમાં બેસતી સ્ત્રી સંખ્યા આધારે જોઈ શકાય છે. આઝાદ ભારતની પ્રથમ લોકસભામાં સ્ત્રી સંખ્યાની ટકાવારી ૪.૪ ટકા હતી જે આજે લગભગ લગભગ ૧૫ ટકા સુધી પહોચી છે. જે દેશ સ્ત્રીને સહ્ભાગીદારીઓ આપવાની વાત કરે છે, ત્યાં પ્રતિનિધિ સભ્ય સંખ્યાના પ્રતિશત બેવડું ધોરણ બતાવે છે. ગત લોકસભામાં ૪૯.૭ કરોડ પુરુષ મતદારોની સાપેક્ષે સ્ત્રી મતદારોની સંખ્યા ૪૭.૧ કરોડ હતી. સમાજ શાસ્ત્રીઓ અને સમાજ ચિંતકો આ વિશે ક્યારેય પ્રકાશ નહિ પાડે. ગત લોકસભામાં મહિલા અનામત બીલ પસાર થઈ ગયું છે જેને ૨૦૨૯ થી લાગુ કરી શકાશે. આ બીલ મહિલાઓને લોકસભા અને રાજ્યની વિધાનસભાઓમાં ૩૩ ટકા અનામત આપવાનું છે. કોઈપણ દેશનો સામાજિક વિકાસ મહિલાઓને જગ્યા આપ્યા વિના શક્ય નથી. જે ધર્મો કે સમાજ કે દેશ સ્ત્રીની સતત અવગણના અને તેના પર સિતમ કરતા રહ્યા એ છેવટે બર્બર બની ગયાના ઈતિહાસ છે. દેશની વસ્તીના પચાસ ટકા હિસ્સાને કાપીને કોઈ કેવી રીતે પ્રગતિ કરી શકે ? વિકસિત દેશોમાં સ્ત્રીનું સ્થાન ઉચ્ચ હોવાનો જાગતિક વર્તમાન છે. દેશમાં સ્ત્રીઓની શું સ્થિતિ છે એ આજે ઘણા વૈશ્વિક માનદંડોનો આધાર છે. પ્રજાના અડધા હિસ્સાને ઉત્પાદકતામાંથી બહાર રાખીને પ્રગતિ શક્ય નથી.બંગાળ આઝાદી વખતે રાષ્ટ્ર ચેતનાનું કેન્દ્ર બિંદુ હતું. બંગાળે ટાગોર અને સુભાષચન્દ્ર બોઝ આપ્યા છે. દેશને એકમાત્ર સાહિત્યનુ નોબેલ ત્યાંથી મળ્યું છે. અઢળક, અદભુત, પ્રચુર સાહિત્ય બંગાળની ભૂમિમાંથી પ્રગટ્યું છે. સુભાષચન્દ્ર બોઝના આગ્રહથી રવીન્દ્રનાથ ટાગોરે એક ઓડીટોરીયમની સ્થાપના કરી અને તેનું નામ આપ્યું હતું, મહાજાતિ સદન. ટાગોર બંગાળીઓને મહાજાતિ માનતા હતા. ભાગલા સમયે સળગેલી બે સરહદો માંહેની એક બંગાળ સરહદ હતી.

## રાજકીય રસધાર



પ્રવીણ માધાણી

જે માઉન્ટબેટનની વિનંતીને માન આપીને કલકતા ગયેલા મહાત્મા ગાંધીની હાજરી માત્રથી શાંત થઈ ગયેલી. જયારે પશ્ચિમ સરહદે લાખો માણસોનું લોહી વહી ગયું હતું. આઝાદી બાદ બંગાળ કોમ્યુનીસ્ટ વિચારધારામાં અટવાઈ ગયું. જે પ્રજા એક સમયે દેશને આગેવાની આપતી હતી, સૌથી શિક્ષિત હતી એ પ્રજા બાંગ્લાદેશી ઘુસણખોરો, કોમ્યુનીસ્ટો અને ઘુસણખોરોને વોટબેંક બનાવતા નેતાઓના ખપ્પરમાં હોમાઈ ગઈ. બક્ષીબાબુ કે જેનો કલકત્તા સાથે ગાઢ નાતો છે, એણે વર્તમાન નેતાઓ માટે ખાદીધારી હવાલદારો શબ્દપ્રયોગ કરેલો. કલકત્તાની ઘટના બેશક દેશ માટે બોધપાઠ છે. જે કેસમાં સુપ્રીમ કોર્ટ રાજ્ય સરકારના આ કેસ બાબતના વલણને શંકાના દાયરામાં મુકે એ અત્યંત શરમજનક છે. આવી ઘટના ઘટી ગયા બાદ નિષ્પક્ષ તપાસ કરાવીને ન્યાયલય સુધી લઈ જવાબદારી સરકારની છે. મહિલા સાથે થયેલ દુષ્કર્મ અને હત્યા જેવા કેસમાં એ પણ ત્યાં કે જ્યાં મુખ્યમંત્રી ખુદ મહિલા છે, ત્યાં આ પ્રકારની સરકારની ભૂમિકા રાજનીતિનું એક વરવું સ્વરૂપ છે. સુપ્રીમ કોર્ટે ફટકાર લગાવતા કહ્યું કે આવી ભયંકર બેદરકારી ક્યારેય જોઈ નથી. દેશમાં અન્ય કોઈ જગ્યાએ આવા બનાવ બને ત્યારે એક આખી જમાત હો હા કરતી શેરીઓમાં ઉતરી પડે છે, જે આ મુદ્દે ગાયબ છે. દરેક પક્ષ કે સરકાર પોતાના રાજ્યમાં થયેલા કાંડ વિશે ચુપ છે, અને અન્ય રાજ્યોમાં થયેલ કાંડ અંગે આક્રમક છે. જે દેશના વિવિધ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ મહિલા શોષણના આરોપીઓ હોય એ દેશમાં મહિલાઓની સુરક્ષા સામે સવાલ રહેવાનો જ છે. દુર્ભાગ્યપૂર્ણ સરખામણીમાં બંગાળના સૌથી વધુ નેતાઓ મહિલા દુષ્કર્મના આરોપીઓ છે. બીજા પ્રજા તરફેના પાસા તરીકે જોઈએ તો ઝડપથી ફેલાઈ ગયેલી ક્રાંતિ જયારે અયોગ્ય પ્રજાના હાથમાં જઈ પડે છે ત્યારે તેમાંથી અનિષ્ટ પેદા થવા લાઝમી છે. ચાર બાય છ ઈંચની સ્કીન ક્રાંતિ, તેના દ્વારા વ્હોટ્સેપ, ફેસબુક, યુટ્યુબ જેવા અનેકો પ્લેટફોર્મ પર કોઈપણ કારણ કે ઉદેશ વિના પડીપાથરી રહેતી એક અધકચરી પ્રજાતિ ધીમે ધીમે અસ્તિત્વમાં આવી રહી છે. આવી ઘટનાઓના મૂળ ક્યાંક આવી જગ્યાએ પડ્યા છે. આવી ઘટનાઓ વખતે એક પ્રજા એક સમાજ તરીકે આપણે નિષ્ફળ છીએ. તપાસમાં વ્હાલાદવલા કરતી સરકારો નિષ્ફળ છે. આવી ગંભીર ઘટનાઓમાંથી પણ કોઈ બોધપાઠ નહિ લેવાનો આપણો ઈતિહાસ છે, કારણકે આપણે રાજકીય સામાજિક પ્રાણી છીએ. ક્વિક નોટ -- શ્રીમદ્ ભગવદગીતામાં સ્ત્રી નથી. કારણકે ગીતા કુરુક્ષેત્રની યુદ્ધભૂમિ પર કહેવામાં આવી છે. જે ભીષ્મ પર્વમાં આવે છે. ભીષ્મ અપરિણીત હતા અને શ્રીમદ્ ભગવદગીતા સ્ત્રી વાચક શબ્દ છે. માત્ર એક જગ્યાએ શ્રી કૃષ્ણ કહે છે, સ્ત્રીઓમાં હું કીર્તિ, શ્રી, વાક્, શ્રુતિ, મેધા, ક્ષમા, ધૃતિ છું. ■

# હસી-હસીને પેટ કેમ દુઃખતું હશે ?

(૧) હસી-હસીને પેટ કેમ દુઃખતું હશે ?
જીગર આહીર (દાત્રાણા-પાટણ)
તમે નસીબદાર છો. ઘણાંને તો હસવાનો વિચાર કરે ત્યાં પેટ દુઃખવાનું ચાલુ કરી દે છે.

(૨) ગુજરાતી ગમે ત્યાં જાય ગાંઠિયા, ગોટા અને ગરબા જ કેમ ગોતતા હશે?
જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)
આદતસે મજબૂર.

(૩) સાડી અને સાળી વચ્ચે શું તફાવત છે?.
યોગેશભાઈ આર જોશી(હાલોલ:જિ.પંચમહાલ)
સાળી અને સાડી વચ્ચેના તફાવતનો આ સવાલ નહિ નહિ તોય નવ વખત પૂછાયો છે. કોઈએ સાઢુભાઈ અને લેંઘા વચ્ચેનો તફાવત આજ સુધી નથી પૂછ્યો!

(૪) શ્રાવણ માસમાં તમે કેટલું ફરાળ કરો?
રતિલાલ ડાભી (લીલિયા મોટા)
સામેવાળા કેટલો આગ્રહ કરે છે એના પર આધારિત છે.

(૫) બધાને મરચા કઈ સિઝનમાં લાગે ?
મહેન્દ્ર મકવાણા (કરજણ)
ભારતના કોઈ નેતા અરુણાચલ પ્રદેશ એમ બોલે એમાં તો આખા ચીનને મરચા લાગે!

(૬) તમે સરકારી શાળામાં ભણ્યા હતા કે પ્રાઈવેટ શાળામાં?
કોબાડ ભગવાન એસ. (મોટા સરાકડિયા)
હાશ, કોઈકે તો સ્વીકાર્યુ કે હું ભણેલો છું!

(૭) માતૃપ્રેમ અને પત્નીપ્રેમ બંને વચ્ચે શું તફાવત છે તે અનુભવના આધારે જણાવશો.
હરિભાઈ ધોરાજિયા (લીલિયા મોટા)
પિતૃ પ્રેમ અને પતિપ્રેમ વચ્ચે તફાવત છે એટલો.

(૮) પત્નીને ધર્મપપત્ની કહેવાય તો સાળાને ધર્મશાળા કહેવાય?
ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીંબા)
ના, એ પછી તમને જીજાને બદલે પિત્ઝા કહેવા માંડશે તો તમને ખોટું લાગશે!

(૯) ગાયો ચારે એને ગોવાળ કહેવાય તો ભેંસો ચારે એને?
હરપાલસિંહ સોલંકી (કંબોઇ ચાણસ્મા)
ગાય ચારવા જાતા હોય એની સાથે જ ભેંસો મોકલી દો. જુદું નામ પાડવા બેસશું તો ભેંસો ભૂખી રહેશે!

(૧૦) કાનખજૂરો ચાલવાનું શરૂ કરે ત્યારે સૌથી પહેલા કયો પગ ઉઠાવતો હશે ?
કનુભાઈ પરમાર (દામનગર)
છેલ્લે ઉપયોગમાં લીધો હોય એની બાજુનો પગ!

(૧૧) તમને રશિયા યુક્રેન બોર્ડર પર રિપોર્ટીંગ કરવા મોકલે તો તમે જાવ?
રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)
આ સવાલ મળ્યો ત્યારે હું રશિયા યુક્રેનની બોર્ડરનું નિરીક્ષણ જ કરતો હતો(ન્યૂઝ ચેનલમાં!).

(૧૨) દૂધ અને છાશમાંથી દહીં બને એમ ખબર કેમ પડી?
હાફિઝ રિયાઝ સેલોત (રાજુલા)
ખુદ દહીંએ ટ્વીટ કર્યું કે હું દહીં છું!

(૧૩) દારૂનું વેચાણ કરતા લોકો જાહેરાત નથી કરતા તોય તેમનો ધંધો કેમ ચાલતો હશે ?
આસિફ કાદરી (રાજુલા)
ક્યાંક આ પણ જાહેરાત નથીને?!

(૧૪) આવા સવાલના જવાબ દેવામાં તમે કેટલા પૈસા કમાઈ લ્યો છો?
હરેશ રૂપારેલીયા (સુરત)
તમે પણ દાંત અને આંસુ એકસાથે આવી જાય એવા સવાલ પૂછો છો હો બાકી!

(૧૫) આપણામાં ગમે તેટલું ટેલેન્ટ હોય પણ સફળ થવા માટે શું જરૂરી છે?
નરેશભાઈ આહીર (ઉનડી-પાટણ)
બીજામાં પણ ટેલેન્ટ હોય એ સ્વીકારવું જરૂરી છે! ■

## હાસ્યાય નમઃ



ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# ચન્દ્ર ને ચકોરી... રાધા છે ગોરી ગોરી

વૃંદાવનમાં એક દિવસ એવો આવે છે જ્યારે કૃષ્ણે શૈશવમાંથી યૌવનમાં પગ મૂકવાનો છે. મથુરામાં જન્મ થયા પછી પિતા વસુદેવના મસ્તિષ્ક પર બેસીને કૃષ્ણ યમુના ઓળંગીને ગોકુળમાં આવ્યા છે. હવે સમય થયો છે કે એ જ યમુનાનો પ્રવાહ ઓળંગીને એમણે પોતાની જન્મભૂમિ મથુરા પાછા આવવાનું છે. આ દેવકીના ભાગ્યોદયનો સમય છે. અપાર કષ્ટ વેઠીને જન્મ આપેલા કૃષ્ણને દેવકી હવે પુનઃપ્રાપ્ત કરશે. કૃષ્ણનો જન્મ વસુદેવ-દેવકી ધન્યતાનો પ્રથમ અવસર હતો, હવે પુનઃ એ પુત્રનો સાક્ષાત્કાર આ જેલવાસી દંપતી માટે ધન્યતાનો બીજો અવસર છે. માતા દેવકીએ એક બાળકને જન્મ આપ્યો, એ બાળકને સર્વોત્તમ મનુષ્ય તરીકેના સર્વશ્રેષ્ઠ સંસ્કારોથી નંદ-યશોદાએ વિભૂષિત કર્યો. હવે એ વેળા આવી ગઈ છે જ્યારે કૃષ્ણે પોતાના બાળપણનું આખું સામ્રાજ્ય છોડવાનું છે. એ સામ્રાજ્ય કેવું છે ? કદંબના વૃક્ષની ઝૂકી ગયેલી ડાળી નીચે પગ ઉપર પગ ચડાવી ને આખા પ્રહરના પ્રહર સુધી કૃષ્ણના હોઠ બંસીથી અલગ થતા નથી. એની મધુર સ્વરાવલિઓમાં યમુનાના જળ પણ લયકારે લયકારે વહેતા થઈ ગયા છે. અપલક નેત્રે ટગરના ફૂલોની જેમ કૃષ્ણની આંખોમાં વારંવાર તારામૈત્રક રચતી રાધિકા પણ હવે કૃષ્ણની આંગળીથી સરી જવાની છે. વૃંદાવનના વૃક્ષ પર એકેએક પાંદડે ગોપીઓના ગીતો અને કૃષ્ણની બાંસુરી અનંત કાળ સુધી જંપી જવાના છે. ગોકુળના અસ્તિત્વની આધારશિલા બની ગયેલો એક બાળક ગોપાલ જોતજોતામાં ક્યારે મોટો થઈ ગયો એનું એના સખ્યવૃંદ ગ્વાલબાલને તો ધ્યાન જ ન રહ્યું. વૃંદાના ઘેરાવદાર વૃક્ષો અને કૃષ્ણનો ઉછેર એક સાથે જ થયો હોય એવી એકબીજાને માયા છે. આ વનમાં કનૈયાએ વરસાદી રાત્રિઓ પસાર કરી છે. શરદચન્દ્રના નભમધ્ય ઉજાસ તળે રાતભરની રસભર અને રાસભર જિંદગી અહીં કૃષ્ણે માણી છે. હવે એ વાત પૂરી થાય છે. નિર્વિચાર અને



કોરા કેનવાસ જેવું મન લઈને નિરખતી રાધા સ્વયં કૃષ્ણ માટે સર્વકાલીન કૌતુક છે. કૃષ્ણની જિંદગીમાં દ્વિમાતૃત્વ યોગે પ્રાપ્ત દેવકી અને યશોદા પછી ત્રીજી સ્ત્રી રાધિકા છે. પ્રેમની ધારાઓ ક્યારે વાત્સલ્યઝરણમાંથી છટકીને એક કુમારિકાના નેહનિતરતા હૃદયમાંથી પ્રગટિત ધોધ બની ગઈ એની કદાચ કોઈનેય ખબર ન રહી. કૃષ્ણના જન્મ વખતે મથુરા આખું ઘેનમાં પોઢી ગયેલું હતું અને રાધા-કૃષ્ણની પ્રણય વેળાએ આખું ગોકુળ અજ્ઞાનતાના ઘેનમાં તરબતર રહ્યું હતું. જાગતા હતા માત્ર વૃંદાવનના વૃક્ષવલ્લરી અને જમુનાના શ્યામલ ઊંડા જળ. ચકોરી જેમ ચન્દ્રને જુએ એમ જ રાધિકા કૃષ્ણચંદ્રને નિહાળે છે. જેમ જેમ સમયનું ચક્ર ફરે છે તેમ તેમ મનુષ્યને જુદી જુદી ભોમકાઓ અને એના યુગ કાર્યની વિવિધ ભૂમિકાઓ સાદ કરીને બોલાવે છે. જેનું જે કર્તૃત્વ છે એ એણે કરવાનું જ છે. એમાંથી મુક્તિ નથી અને એ કર્મની પૂર્ણતા એ જ ખરી મુક્તિ છે. કૃષ્ણને જન્મ પછીની પ્રથમ ક્ષણે ગોકુળનો સાદ સંભળાયો હશે અને એટલે તરત જ એની ગોકુળ તરફથી યાત્રાનો આરંભ થયો.હવે સમય આવ્યો છે કે મથુરા એને સાદ કરે છે. માતાના ખોળામાં હોવા છતાં જન્મ પછી તરત જ ગોકુળનો સાદ સાંભળવો પડ્યો. એ જ રીતે નંદ-યશોદાના અપાર વાત્સલ્યની ઘટાટોપ છાયામાંથી હવે મથુરાનો સાદ સંભળાતા કૃષ્ણએ ચાલી નીકળવાનું છે. સમયના ડંકા સૌને સંભળાતા નથી, પરંતુ જે સાંભળે છે અને એને અનુસરે છે તે જીવનને વારંવાર નૂતન ઊંચાઈએ પ્રાપ્ત કરે છે. મહાપુરુષોની એક વિશિષ્ટતા છે કે સંસારના કોઈ પણ સ્થળ કે કાળનું એને વળગણ હોતું નથી. સામાન્ય માણસો પોતપોતાના સ્થળ અને પોતાના સમયમાં સંકોરાઈને સાપોલિયાની જેમ પડ્યા રહેવાનું પસંદ કરે છે. જરાક જેટલા સુખના ઓશિકેથી માથું ઊંચું કરવાનું સામાન્ય મનુષ્યને મન થતું હોતું નથી. પરંતુ જેનામાં સાધુતા છે એ તો સમયને પારખી ને પંથ પકડી લે છે. એ જ કારણથી તેઓ સામાન્ય મનુષ્યથી મુઠ્ઠી ઊંચેરા નીવડે છે. ગોકુળની સાથે કૃષ્ણે જે કંઈ છોડવાનું છે એમાં રાધાની હયાતી પણ છે. રાધા કે જે કૃષ્ણના અંતઃકરણનો જ એક અંશ બની ગઈ છે અને કૃષ્ણ સ્વયં પણ જેના હૃદયમાં વસે છે એનાથી અલગ થવાનું કામ આસાન તો નથી. કૃષ્ણ રણછોડ કહેવાય છે પરંતુ રણ સિવાય પણ એની પાસેથી ઘણુંબધું છોડતા શીખવાનું છે. રામ લાગણીઓથી લિપ્ત હતા, કૃષ્ણ ચોતરફ લાગણીઓના પ્રલય વચ્ચે જ રહ્યા અને તોય અલિપ્ત હતા. એટલે જ એમને સદાય ભવિષ્ય તરફ પગ ઉપાડવાનું સહેલું લાગ્યું છે. કૃષ્ણે તેની સન્મુખ થનારા સહુની આંખોમાં અશ્રુના તોરણ ઝૂલતા જોયા છે. રામે તો સ્વયં પણ હૃદયને પ્રસંગે - પ્રસંગે અશ્રુથી અભિવ્યક્ત થવા દીધું છે. ■

સપ્તરંગ

દિલીપ ભટ્ટાચાર્ય

**અપલક નેત્રે ટગરના ફૂલોની જેમ કૃષ્ણની આંખોમાં વારંવાર તારામૈત્રક રચતી રાધિકા પણ હવે કૃષ્ણની આંગળીથી સરી જવાની છે... કારણ કે હવે મથુરા સાદ કરે છે....**

# સાવ સૂનકાર ને નિઃસ્તબ્ધ શાંતિ હતી




જ્યોતિના દેહના, જ્યોતિના રૂપના, જ્યોતિના લાલિત્યના, જ્યોતિના નયનોના, જ્યોતિના ગળાના, જ્યોતિના હોઠના, જ્યોતિના પયોધરના, જ્યોતિના પાતળી કમરના, જ્યોતિના કેળના સ્તંભ જેવા સાથળોના ને જ્યોતિની ઉંડી એવી નાભિના ન જાણે કેવા કેવા વિચારો આવ્યા કે આજે તેની ઊંઘ જ હરામ થઇ ગઇ હતી. એટલે તો તે મધરાત થવા છતાં પણ હિંડોળા પર હીંચકતો હતો.

રાતના એક વાગે..... હિંડોળા પરથી તે નીચે ઊતર્યો. વાતાવરણ તદન શાંત હતું. છતાં તેણે આમ - તેમ બધી દિશામાં જોયું કોઇ નજરે ન ચડયું. સાવ સૂનકાર ને નિઃસ્તબ્ધ શાંતિ હતી. અવાજ ન થાય તેમ બિલ્લી પગે તે જ્યોતિના રૂમ તરફ ચાલ્યો. રૂમનું ઠાલું વાસેલુ બારણું તેણે ધક્કો મારી ધીમેથી ખોલ્યું તે અંદર દાખલ થયો ને તેની નજર પલંગ પર પડી તો ધોળી દૂધ જેવી પરી ઘસઘસાટ ઊંઘતી દેખાણી. દામલ ધીમે પગલે તેની નજીક પહોંચ્યો. પછી જ્યોતિના ખૂબસૂરત ચહેરામાંથી નીકળતી મધલાળ જેવી ચાંદનીને તે એકીટશે બસ જોતો રહ્યો. સાવ તદન નજીક જ પલંગમાં આળોટતું આ રૂપાળું હુસ્ન દામલના ચેતાતંતુઓને પૂર્ણપણે જાગૃત કરવા સમર્થ હતું.

વળી એકાંત અને નિરવ શાંતિ.. આ એવું સ્થળ હોય છે કે, જયાં પામર માનવ બધું જ ભૂલી જઇને પોતાની અદમ્ય ઇચ્છા સંતોષવા, ગમે તેવું જોખમ પણ વહોરી લેતા અચકાતો નથી. એ ઉશ્કેરાઇને તૈયાર થઇ જાય છે. પરંતુ ના, આ દામલ તો બધું જ સમજેલો ને વિવેકી યુવાન પુરૂષ હતો. એ પણ એક કવિ કે લેખક જેવો એટલે તો તેણે વિચારીને વિચારોને બ્રેક મારી. ફરી વિચાર્યુ :

મારો પ્રેમ, મારી માનેલી પ્રિયતમા બીમાર છે. થોડા સમય પહેલા તે તીવ્ર તાવથી તડપતી હતી અને હવે તે મીઠી ઊંઘમાં આરામ કરે છે તેને તકલીફ કેમ અપાય...? બસ, એકમાત્ર આવા વિચારથી દામલ જ્યોતિના ચહેરા પાસે સૂનમૂન ઊભો રહ્યો. અત્યારે કોઈપણ પ્રકારની શારીરિક ક્રિયા કરવા, અડપલુ કરવા તેનું મન, તેનો આત્મા તેને ના કહી રહ્યો હતો.

છતાં પણ શરીરમાં ઉત્પન્ન થયેલ આવેગ, જિન્સી આવેગને માનવ માત્ર મહાપ્રયાસે પણ રોકી શકવા અસમર્થ થાય છે. એજ રીતે દામલના તમામ અવયવો ઘડીએ ઘડીએ સળવળાટ કરવા માંડતા તેના શ્વાસ ફુલવા લાગ્યા. આખું શરીર જાણે હાંફવા લાગ્યું. એટલે તો બધા જ વિચારોની ઉપરવટ જઇને પણ તે તદન જ્યોતિના માથા નજીક ધીમેધીમે વાંકો વળ્યો તેના મોઢામાંથી ને નાકમાંથી જાણે ગરમ ગરમ વરાળ નીકળી રહી હતી, તેની છાતીની ધબકારા ખૂબ વધ્યા હતા અને તેનો ચહેરો જ્યોતિના ચહેરાની તદન નજીક આવી ગયો.

જ્યોતિ તો ઊંઘતી હતી, તેની આંખો બંધ અને સ્થિર હતી. તે તો નિરાંતે ધીમા શ્વાસ શ્વસી રહી હતી સાચે જ એ પરી જેવી હતી, સાવ કોમળ કોમળ એવી એ પરીના કૂમળા કૂમળા ગલગોટા જેવા ભરાવદાર ગાલ પર દામલના ભરાવદાર હોઠે મીઠી મધુરી ચૂમી ચીપકીને ભરી લીધી. કોઇ ચાંદ જેવા ચહેરાને કે કોઇ શાપિત અપ્સરાને મધુરી ચૂમી ભર્યાનો આનંદ અત્યારે દામલના આખાયે શરીરમાં કોઇ અનેરૂ જોમ બનીને પ્રસરી વળ્યો ત્યારે એ ખુશ ખુશ હતો.

પોતાના શરીર સાથે આવું અને આટલું બધુ થયા પછી પણ જ્યોતિ તો પહેલાની જેમ જ આંખો મીંચી ઊંઘતી જ રહી. તેને તો આવું થયું, શું થયું તેની કશીય ખબર પણ ન હતી જાણે...!

રાતના દોઢ વાગે દામલ જ્યોતિના રૂમમાંથી ધીમે ધીમે બહાર નીકળ્યો. રૂમનું બારણું ખેંચી તે સીધો જ તેના રૂમ તરફ ચાલ્યો ને પછી પલંગ પર આડો પડયો એ સાથે તો વળી થોકબંધ વિચારો તેના ફરતે વીંટળાઇ વળ્યા. એક એક નવા વિચારમાં તે અટવાતો રહ્યો. આમાં પોતાના ભવિષ્યની ધૂંધળી તસવીરના તેને દર્શન પણ થયા. પરંતુ આવું બધું જ બધું તેને માત્ર આભાસી જ દેખાયું.

દામલને બધું આભાસ જેવું દેખાયું તેનું પણ એક કારણ છે કારણ કે તેના અંતરાત્માના પવિત્ર અને શુધ્ધ વિચારો તેની નજર સામે તરવરતા રહેતા તેનો આત્મા તેને વારે વારે કહેતો :

હે દામલ, તું તારી જાતને સંભાળ આ જ્યોતિ પ્રત્યેની તારી લાગણી, તારો પ્રેમ અત્યારે તો એક કલાત્મક અહેસાસ જ હોઈ શકે. તારા અત્યંત ગાઢ પ્રેમ થકી અત્યારે તને જ્યોતિ ખૂબ જ સારી લાગે, ખૂબ ગમે, પરંતુ આ તારા પ્રેમનો નશો પણ હોઈ શકે. એકબીજાના શરીર પ્રત્યેનું પ્રબળ આકર્ષણ પણ હોઈ શકે. આને નશો પણ કહી શકાય આવા નશાની, આવી તલબની એક લત, એક ટેવ તને લાગી ગઈ છે એટલે જ તો આ જ્યોતિ નામની લતમાંથી તું છુટકારો કેમ મેળવીશ ? આવી વિચિત્ર પ્રકારની લત છોડવી તે તારા માટે આસાન તો નથી જ સમજ્યો...!

અત્યારનો તારો પ્રેમ પણ એક જનૂન છે. આમેય તે પ્રેમમાં, પ્રેમ નામના શબ્દમાં જનૂન તો અવશ્ય હોય જ છે પરંતુ આવો પ્રેમ અરસપરસ સાવ સાચુકલો હોવો જોઈએ. જોવામાં ને જાણવામાં આવ્યું છે કે, માનવ માત્ર દેહના આકર્ષણથી પ્રેમ કરવા પ્રેરાય છે. તેમાં પણ સ્ત્રીનું ચાંદ જેવું સારૂં મુખકમળ અને ખાસ કરીને તેની છાતી ! પુરૂષમાત્રને પ્રથમ ચહેરો પછી સ્ત્રીની છાતી... આ બે વસ્તુ પસંદ એટલે પછી તેની પાછળ ગાંડા થઈ જઈ મરવા પણ તૈયાર થઈ જાય છે.



ધારાવાહી નવલકથા

અમૃત પરમાર

છતાં પણ હૃદયને અડકતો મીઠો અહેસાસ, ભીની ભીની ભાતીગળ અનુભૂતિ એટલે નર્યો પ્રેમ! જેમ ફૂલની સુગંધની કોઈ પ્રકારે છુપાવી નથી શકાતી એ જ રીતે પ્રેમમાં રત થયેલો પ્રેમી - પંખીડાનો પ્રેમ પણ છુપાઈ નથી શકતો. એટલે તો આપણા લોહીના સંબંધથી તો અનેકગણો ચડિયાનો સંબંધ હોય તો તે છે પ્રેમ સંબંધ ! જિંદગીમાં ગમે તેવી પરિસ્થિતિમાં એક સાચો પ્રેમ બદલાતો જ નથી. સાચો પ્રેમ તો ગંગાના વહેતા જળ જેવો હોય છે.... પવિત્ર !

બસ, આવા આવા થોકબંધ વિચારોમાં અટવાતો અટવાતો દામલ અંતે વહેલી સવારના પાંચેક વાગે ઊંઘી ગયો. ઊંઘમાં પણ એને આરામ કયાં હતો ?

(ક્રમશઃ) ■

# વહેલી સવારમાં રૂદ્રવિજયસિંહ કાર લઇને નીકળી ગયા

ડો. ભૂવને જ્યારે એમ કહ્યું કે, ‘‘એમણે કોઈ માનસિક દબાણમાં આવીને એમ કર્યું હોય કે પછી ડ્રગ્સ લીધું હોય પણ આ વોમીટની દુર્ગંધ અને એનો રંગ જોઈને મને એવું લાગે છે કે....’’ રૂદ્રવિજયસિંહ એટલું તો માંડ સાંભળી શક્યા હતા. ઊલટાનું વધુમાં દત્તા પાસેથી જે વાત સાંભળવા મળી




તેનાથી તો એ લગભગ ઝંઝેડાઇ - ઝંઝેડાઇને દુઃખી દુઃખી થઇ ગયા. એટલે જ જમીને બાપ દીકરો બન્ને એકલા જ બેઠા હતા કે, એક બાપ દીકરાને પૂછે એ હેસિયત, એ ફીકર અને એ વહાલથી તેણે પૂછયુ હતું કે, ‘‘જે કંઇ હોય એ બેટા સાચેસાચુ કહી દે...’’ પણ એમની વાત પૂરી થાય એ પહેલા જ...ચોકડીમાંથી ઊબકાનો મોટો અવાજ આવ્યો અને સૌ કોઇ બહાર દોડી આવ્યા અને ચોકડીમાં ઉલટી કરી રહેલી રવિનાની આંખોમાં ભાલા જેવો પ્રશ્ન ઉદભવ્યો, અને અર્જુન જાણે ફફડી ઉઠયો.

રાજેશ્વરીબા દોડીને ચોકડીમાં આવ્યા અને રવિનાની પીઠ ઉપર હાથ ફેરવવા લાગ્યા : ‘‘અરે, અરે, અચાનક શું થયું ? કાંઇ ખવાઇ ગયું હતું ? ’’ જવાબમાં ઉબકા કરતી રવિના કહે : ‘‘ના બા મેં એવું તો કશું ખાધુ નથી આપણે બધા સાથે જ જમીએ છીએ પણ ખબર નથી પડતી..’’

‘‘તું બહાર ગઇ હતી અને મને મૂકીને કાંઇ ખાઇ નથી લીધું ને ?’’ સામે ધીમે ધીમે ચાલતી આવતી અનિતાએ હસીને પૂછયું : ‘‘ નહિતર સદશે નહીં હો પાછું.’’

જવાબમાં રવિનાએ ત્રાંસી નજર કરીને અર્જુન સામે ત્રાટક કરતા જવાબ વાળ્યો : ‘‘આ કાંઈ ખાધા પીધાની ઉલટી નથી... એ...તો...એ..તો...’’ પણ રવિનાના આટલા શબ્દોએ તો અર્જુન નરમ ઘેંશ જેવો થઇ ગયો... નહીને કયાંક...

એક વિચાર તેના દિલમાં ઉઝરડો કરીને ચાલ્યો ગયો અને તેના ધબકાર વધી ગયા ‘‘ તો પછી ? શેનું છે ?’’ રાજેશ્વરીબાના પ્રતિ સવાલે અર્જુન થડકી ઉઠયો અને એ રવિના સામે જાણે દયા યાચતી નજરે તાકી રહ્યો કયાંક રવિના કહી ન દે તો સારૂ છે હે ભગવાન ! લાજ રાખજે...’’

રવિનાએ એ નજર પરખી અને પછી વાતને વળ ચડાવતા બોલી ‘‘બા, આવુ તો કોઇ દિવસ મને થયું નથી પણ આજે... વળી પાછો એણે એક ઉબકો કર્યો : ‘‘પણ...પણ...ખબર નહીં પણ ચિંતા ન કરો. હમણાં સારૂ થઇ જશે...’’ એણે કહ્યું અને મીઠું મંગાવ્યુ. જરા મને મીઠું આપો તો હું કોગળા કરી લઉ નાની હતીને ઉલટી થતી ત્યારે મારી મા મને...’’

‘‘હું તારી મા જ છું ને બેટા ?’’ રાજેશ્વરીબાએ વાત્સલ્યથી તેના બરડે હાથ ફેરવ્યો : ‘‘હવે ન થાતી હોય તો પરાણે ઉલટી નહી કરતી, આંતરડા ખોટે ખોટા અમળાઇ જશે.’’ ‘‘હા.. બા.’’ તેણે ટૂંકાક્ષરી જવાબ વાળ્યો.

રાજેશ્વરીબા મીઠું લઇ આવ્યા તેને કોગળા કરાવ્યા અને તેને બીજા રૂમમાં સુવડાવી. અનિતાને હવે આમ તો સારૂ હતું. રસોડામાં એ આવી. રૂદ્રવિજય સિંહે પગરખાં પહેરતા કહ્યું : ‘‘ ભગવાન, હું આ છોકરી માટે ઉલટીની સાદી દવા લેતો આવું.’’ અને એ ગયા અને અર્જુન પોતાના રૂમમાં જઇ બેડ ઉપર આડો પડયો. રસ્તે ચાલતા ચાલતા રૂદ્રવિજયસિંહને હજી ડોકટર ભૂવનના જ શબ્દો યાદ આવતા હતા. તેમના પગ અનાયાસ ડો. ભૂવનના દવાખાના તરફ વળ્યા. દત્તાએ કહ્યું હતું કે ડો. ભૂવન, તમારા ઘરથી ખાલી પંદર મિનિટના અંતરે જ દૂર રહે છે. તમારી સામેની આમ્રપાલી કોલોનીની અંદર જ તેમનું ઘર અને દવાખાનુ છે.!! ’’

રૂદ્રવિજયસિંહે આમ્રપાલી કોલોનીમાં સોંસરા પડીને તેમનું ઘર શોધી કાઢયું પણ ઘરે તો તેમના પત્ની એકલાં જ હતા. પોતાની ઓળખાણ આપીને રૂદ્રવિજયસિંહ ‘વોમીટની દવા લેવા આવ્યો છું’ એમ કહીને વાત જણાવી પણ તેમના પત્નીએ કહ્યું કે તેઓને મસૂરી ખાતે એક મહિનાની તાલીમ આવી છે અને તેઓ હમણાં જ તેમના ડોકટર મિત્ર સાથે કારમાં નીકળી ગયા. બાકી દવા તો મેડિકલ સ્ટોરમાંથી પણ મળી જશે.’’

અંતે મેડિકલમાંથી દવા લઇને રૂદ્રવિજયસિંહ આવ્યા. દવા પીધી પછી ઉલટી બંધ થઇ ગઇ. અર્જુનને હાશ થઇ પણ રૂદ્રવિજયસિંહના મનમાં ઘૂસી ગયેલો પેલો શંકાનો કાનખજુરો ઘડીએ ઘડીએ સળવળ સળવળ થતો હતો.

બપોરે રાજેશ્વરીબાએ વાતનો તોડ કાઢયો કે ‘‘પંદર દિવસ પહેલા શાંતિલાલ કરિયાણાવાળાની દુકાનેથી લાવેલી ચટણી એમનેમ જ પડી રહી હતી એ ચટણી રવિનાએ ય ખાધી અને પરમ દિવસે બપોરે અર્જુને પણ ખાધી હતી એટલે એ બન્નેને ઉલટી ઉબકાં ચાલુ થયા બાકીનાને તો કયાં કોઇ વાંધો આવ્યો છે ? એ બંનેએ જ ચટણી ખાધી હતી એટલે એમને જ થાય ને ?

લઘુ-નવલકથા



યોગેશ પંડયા

‘‘અરે પણ, એ બન્નેની ઉલટીનું કારણ જૂદુ જૂદુ છે તને એ નહીં સમજાય.’’ રૂદ્રવિજયસિંહ ગુસ્સામાં આવીને બોલી ઉઠયા અને અનિતા અને રાજેશ્વરીબા એકમેકની સામે તાકી રહ્યા. કંઇ કેટલાયે પ્રશ્નો પોતપોતાની આંખોમાં ભરીને !!!

----

રાત વીતી રહી હતી. અર્જુન આમથી તેમ પડખાં ફરી રહ્યો હતો. રૂદ્રવિજયસિંહ પુત્રને આમેતેમ પડખાં ફરતો તાકી રહ્યા હતા. ઊંઘ તો એમને ય આવતી નહોતી. પુત્રનો વિલાયેલ ચહેરો તેઓ જોઇ શકતા નહોતા. એ પથારીમાં બેઠા થયા. ત્યાં જ એમનો ફોન રણક્યો. સ્ક્રીન ઉપર મોટા દીકરાનું નામ આવ્યું : ‘‘હલ્લો બેટા.’’ તેમણે વ્હાલથી પૂછયું : ‘‘ કેમ છે વહુને ? ’’ ‘‘એને તો સારૂ છે પણ અર્જુન ? એને કેમ છે મને તો કહેવુ હતું હું આવી જાત ગોવાથી... આ તો મારા મમ્મીને મેં ફોન કર્યો ત્યારે એમણે કહ્યું કે વહેલી સવારે અર્જુન આવ્યો તો થયું હતું શું ? હતો કયાં એ ? કંઇ આડી લાઇને તો...? પપ્પા... આ તો મને ઘેરથી ફોન આવ્યો એટલે ખબર પડી...’’

મોટા પુત્રના એકસામટા, એકધારા ધણેણાટ પ્રશ્નોની પાછળ એની ચિંતા છલકાતી હતી એ એક બાપ અનુભવી રહ્યો અને એ માટે તેમની છાતી ગજગજ ફૂલી. આંખોમાં ભીનાશ પણ આવી. જવાબમાં એ એટલુ જ બોલ્યા : ‘‘અર્જુનને હવે સારૂં છે. ચિંતા નહી કરતો પણ વહુને કેમ છે ?’’

‘‘એને સારૂં જ છે પણ બહેનનો ફોન હતો કોઇ પાર્ટીએ, બનેવીને ધમકી આપી છે. મને લાગે છે કે એ સામેવાળાનો કોઇ મળતિયો જ હોવો જોઇએ.’’ ‘‘ઓહ નો...રૂદ્રવિજયસિંહને ચિંતા થઇ આવી, ‘‘હું અત્યારે જ એસ.પી. સાહેબને ફોન કરી દઉં છું એ મારા પી.આઇ. હતા અત્યારે એ એસ.પી. છે. બેનને ફોન કરીને હાલ હવાલ પૂછતો રહેજે.’’

‘‘એ તો ઠીક પણ અર્જુન ?’’

‘‘એ હું ટેકલ કરી લઉ છું. ચિંતા ન કરતો.’’ પિતાએ પુત્રને ધરપત આપી. સામેથી ફોન પૂરો થયો. ફોન પૂરો કરી, રૂદ્રવિજયસિંહ બબડયા ‘‘જીવતર ખરાબ થઈગયું છે. જાણે બધી બાજુથી હલ્લો થઇ રહ્યો છે.’’

‘‘ભાઈનો ફોન હતો ?’’ અર્જુને પથારીમાંથી બેઠા થતા પૂછયું : ‘‘વોટ હેપન્ડ ? બહેન - જીજાજીને કોઇ તકલીફ ?’’

‘‘તકલીફોનો તો કયાં કઇ પાર જ છે ? એક બાજુ તારા ભાભીને પૂરા દિવસો જાય છે, બીજી બાજુ અનિતા પડી ગઇ, ત્રીજુ જમાઇ રાજા ઉપર કોઇએ ધમકી મારી અને ચોથો તું !’’ રૂદ્રવિજયસિંહ અકળાઇ ગયા : ‘‘હવે તો પેટ ખોલ તને થયું છે શું ? દત્તા સાહેબ પણ કહેતા હતા કે તું કોઇ ટેન્શનમાં છે તું મારા સમ ખાઇને બોલ કે તું આખી રાત હતો કયાં ? અને તે કોઇ ડ્રગ્સ લીધું છે ? ડોક્ટર ભૂવને મને વાત કરી, તું સાચુ બોલ, અને મારા સોગંદ ખાઇને સાચુ કહે.’’

‘‘કોઈ ટેન્શન નથી પપ્પા... હું સાચુ કહુ છું મેં જરા મારા મિત્રને ત્યાં રાત્રે ફાર્મહાઉસમાં...થોડું ડ્રીક્સ.-’’

‘‘ગાંડા...’’ રૂદ્રવિજયસિંહ ખડખડાટ હસી પડયા : ‘‘આટલીક અમથી વાત તે અત્યાર સુધી ચોરી રાખી ? બિલકુલ પાગલ...’’

‘‘હા પપ્પા, મને તમારી શરમ અને ડર લાગતા હતા.’’

‘‘ઈટસ ઓકે!’’ રૂદ્રવિજયસિંહે કહ્યું : ‘‘હવે પછી ધ્યાન રાખજે અને ઘરે કહેતો જજે’’

‘‘જી પપ્પા...’’ વાતનો અંત આણતા અર્જુનને શાંતિ થઇ. રૂદ્રવિજયસિંહે કહ્યું : ‘‘જો હવે મારૂ કોઇ કામ ન હોય તો હું નીકળું ત્યાં તારા મોટા ભાભી પાસે હું મોટાબાને રોકીને આવ્યો છું. તું બિલકુલ ફ્રેશ હો તો સવારે નીકળું.’’

‘‘હા પપ્પા તમે નીકળો અને જીજાજીની ખબર લેતા રહેજો.’’

વહેલી સવારમાં રૂદ્રવિજયસિંહ કાર લઇને નીકળી ગયા. વાતાવરણમાં ઠંડક હતી. રવિના રસોડામાંથી ચા બનાવીને અર્જુન માટે એના રૂમમાં લાવી. અર્જુનના હાથમાં ચા આપતા એ મીઠું મીઠું મુશ્કરાઇ. અર્જુન એ નમણાશને તાકી રહ્યો. અનિતા અને રાજેશ્વરીબા પાછા સૂઇ ગયા હતા. રૂમમાં અર્જુન - રવિના એકલા જ હતા. રવિનાએ અર્જુનના ગાલ ઉપર મીઠી ટપલી મારતા કહ્યું, ‘‘કેમ તમે હમણા મારાથી નારાજ છો ?!’’ (ક્રમશઃ) ■

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

પીએમ મોદી અને ગૃહમંત્રી અમિત શાહ રાજકારણમાં પરિવારવાદ પર આકરા પ્રહાર કરી ચૂક્યા છે

# હરિયાણાની ચૂંટણીમાં ભાજપની ચિંતા વધી, દિગ્ગજોએ પરિવારના સભ્યો માટે ટિકિટ માંગી

નવીદિલ્હી,તા.૨૪



વિધાનસભા ચૂંટણીમાં ભાજપ 'એક પરિવાર-એક ટિકિટ'ની પોતાની નીતિ પર અડગ રહેવાની સાથે-સાથે અસરદાર રાજકીય પરિવારોને ખુશ કરવાના પડકાર સામે ઝઝૂમી રહ્યું છે. લગભગ એક ડઝન એવા નેતા છે, જે દેશ-પ્રદેશના રાજકારણમાં સારો હસ્તક્ષેપ રાખે છે. તે સ્વયં પાર્ટીમાં મહત્વપૂર્ણ પદ પર છે અને હવે વિધાનસભા ચૂંટણીમાં પોતાના પરિવારના સભ્યો માટે ટિકિટ માંગી રહ્યાં છે. ભાજપની સામે સૌથી મોટી સમસ્યા એ છે કે તેણે હરિયાણામાં હંમેશા પરિવારવાદના રાજકારણ પર આકરા પ્રહાર કર્યા છે. પ્રદેશના રાજકારણમાં ચૌધરી દેવીલાલ, બંસીલાલ અને ભજનલાલ અને ભૂપેન્દ્ર સિંહ હુડ્ડાના પરિવારોનું પૂર્ણ વર્ચસ્વ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી લઈને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સુધી રાજકારણમાં પરિવારવાદ પર ખૂબ આકરા પ્રહાર કરી ચૂક્યા છે.

ભાજપ હરિયાણાની ચૂંટણીમાં પોતાની પાર્ટીના મુખ્ય નેતાઓના પરિવારના સભ્યોને ટિકિટ આપે છે તો તેણે વિપક્ષના સવાલોનો સામનો કરવો પડશે. ફરીદાબાદમાં થયેલી આરએસએસ અને ભાજપની સમન્વય બેઠકમાં ભાજપ નેતાઓ દ્વારા પરિવારના સભ્યો માટે માગવામાં આવી રહેલી ટિકિટને લઈને ચર્ચા થઈ હતી.

# 'હું નિર્દોષ છુ' કોલકાતાની કોર્ટમાં મહિલા તબીબની હત્યાનો મુખ્ય આરોપી રડી પડ્યો

**સીબીઆઈએ મુખ્ય આરોપી સંજય રોયને કોર્ટમાં રજૂ કર્યો**

(એ.આર.એલ),કોલકતા,તા.૨૪



કોલકાતાની આરજી કાર મેડિકલ કોલેજ હોસ્પિટલમાં જુનિયર ડૉક્ટર પર બળાત્કાર અને હત્યા કેસનો મુખ્ય આરોપી સંજય રોય ન્યાયાધીશની સામે ભાવુક થઈ ગયો હતો. રડતા રડતા તેણે ન્યાયાધીશને કહ્યું કે તે નિર્દોષ છે. તેને ફસાવવામાં આવી રહ્યો છે. સીબીઆઈએ સંજય રોયને કોલકાતા કોર્ટમાં રજૂ કર્યો હતો. આ દરમિયાન પોલીસે આરોપી અને શકમંદોના પોલીગ્રાફ ટેસ્ટની પરવાનગી માંગી હતી. તમને જણાવી દઈએ કે, કોર્ટ અને શંકાસ્પદ વ્યક્તિ અથવા આરોપી વ્યક્તિની સંમતિ પછી જ પોલીગ્રાફ ટેસ્ટ કરવામાં આવે છે. એક મીડિયા અહેવાલ મુજબ, જ્યારે જજે સંજય રોયને પૂછ્યું કે તે પોલીગ્રાફ ટેસ્ટ માટે કેમ સંમત થઈ રહ્યા છે, તો તે રડી પડ્યો. તેણે કહ્યું કે મેં કોઈ ગુનો કર્યો નથી. કદાચ આ પોલીગ્રાફ ટેસ્ટમાં ક્લિયર થઈ જશે. આ પછી કોર્ટે સંજય રોયનો પોલીગ્રાફ ટેસ્ટ કરાવવાની પરવાનગી આપી હતી. તેમજ તેને ૧૪ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપ્યો હતો. કોર્ટે આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલના પૂર્વ પ્રિન્સિપાલ સંદીપ ઘોષ અને આ કેસ સાથે સંબંધિત અન્ય પાંચ લોકોના પોલીગ્રાફ ટેસ્ટની પણ મંજૂરી આપી છે.

# ગોંડલના ધારાસભ્ય પુત્ર ગણેશ જાડેજાને જન્માષ્ટમી જેલમાં જ વિતાવવી પડશે

(એ.આર.એલ),જૂનાગઢ, તા.૨૪

જૂનાગઢના યુવાનનું અપહરણ કરી ખુની હુમલો કરવાના કેસમાં ગોંડલના ધારાસભ્યના પુત્ર ગણેશ જાડેજા સહિતનાઓની જામીન અંગે ગઈકાલે કોર્ટમાં મુદત હતી. જેમાં વધુ એક મુદત પડવા પામી હતી.

જેથી સાતમ-આઠમ જેલમાં જ વિતાવવી પડશે. હવે ૨૭ ઓગસ્ટના જામીન અરજીનો નિર્ણય થશે. આમ ગણેશ જાડેજા સહિતના શખ્સોને જેલમાં રહેવું પડશે.

જુનાગઢના દાતાર રોડ પર રહેતા સંજય ઉર્ફે ચંદુ સોલંકીનું અપહરણ કરી ખુની હુમલો કરી જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરી ધમકી આપી હોવાની ફરિયાદ થઈ હતી.

આ પ્રકરણમાં ગોંડલના ધારાસભ્યના પુત્ર જયોતિરાદિત્યસિંહ ઉર્ફે ગણેશ જાડેજા સહિત ૧૧ની ધરપકડ થઈ હતી.

જેઓની જામીન અરજી પર જુનાગઢ સેશન્સ કોર્ટમાં ૧૭ ઓગષ્ટના સુનાવણી થઈ હતી અને ૨૨ના વધુ દલીલો પૂર્ણ થઈ હતી. ગઈકાલે તેનો ચુકાદો હતો પરંતુ જજ રજા ઉપર હોવાથી આગામી તા.૨૭ ઓગસ્ટના સુનાવણી હાથ ધરાશે. આમ તહેવારોમાં ગણેશ જાડેજા સહિતનાઓએ જેલમાં રહેવું પડશે.

# રાજ્યસભામાં ક્રોસ વોટિંગ કેસમાં હિમાચલના ત્રણ પૂર્વ ધારાસભ્યોની ૯ કલાક સુધી પૂછપરછ

શિમલા,તા.૨૪



હિમાચલ રાજ્ય સરકારને અસ્થિર કરવા અને રાજ્યસભાની ચૂંટણીમાં ક્રોસ વોટિંગના આરોપમાં બાલુગંજ પોલીસ સ્ટેશનમાં ત્રણ પૂર્વ ધારાસભ્યોની લગભગ નવ કલાક સુધી પૂછપરછ કરવામાં આવી હતી. આ મામલે સુજાનપુરના પૂર્વ ધારાસભ્ય રાજેન્દ્ર રાણા, કુતલાહારના પૂર્વ ધારાસભ્ય દેવેન્દ્ર ભુટ્ટો અને નાલાગઢના પૂર્વ ધારાસભ્ય કેએલ ઠાકુરને ઘણા પ્રશ્નો અને જવાબો પૂછવામાં આવ્યા હતા. ત્રણેયની અલગ-અલગ પૂછપરછ કરવામાં આવી હતી. પોલીસ ચંદીગઢ અને ઉત્તરાખંડમાં હોટલ રોકાણ અને હવાઈ મુસાફરી પર લાખોના ખર્ચને લઈને તપાસ કરી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પોલીસની અત્યાર સુધીની તપાસમાં સામે આવ્યું છે કે ચંદીગઢમાં હોટલ રોકાણનો ખર્ચ ખાનગી ફાર્મા કંપની દ્વારા ચૂકવવામાં આવ્યો હતો, જ્યારે ઉત્તરાખંડમાં રહેવા અને હવાઈ મુસાફરી પર થયેલા ખર્ચમાં ભાજપના એક નેતાનું નામ સામેલ છે. આગળ આવી રહી છે. આ અંગે પોલીસે ઉત્તરાખંડની ટૂર એન્ડ ટ્રાવેલ કંપનીના સંચાલકને પણ સમન્સ પાઠવ્યા છે. બીજી તરફ પૂછપરછ માટે પહોંચેલા પૂર્વ ધારાસભ્ય રાજેન્દ્ર રાણાએ રાજ્ય સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે આ જૂઠ બોલતી સરકાર છે. યુવાનો નોકરીની રાહ જોઈ રહ્યા છે, મહિલાઓ ૧૫,૦૦ રૂપિયાની રાહ જોઈ રહી છે. તેમણે કહ્યું કે સુખવિન્દર સિંહ સુખુ એવા પહેલા મુખ્યમંત્રી છે જેઓ જ્યારે ચંદીગઢ જાય છે ત્યારે હિમાચલ ભવનની જગ્યાએ ફાઈવ સ્ટાર હોટલમાં રોકાય છે.

# ભરૂચમાં ફરિયાદીની તરફેણમાં ચુકાદો અપાવવા માટે ચાર લાખની લાંચ લેનારો વકીલ ઝડપાયો

(એ.આર.એલ),ભરૂચ,તા.૨૪

ભરૂચમાં એક વ્યક્તિને તેની તરફેણમાં ચુકાદો અપાવવા માટે તેની પાસેથી ચાર લાખ રૂપિયાની લાંચ લેતા એક ખાનગી વકીલને એન્ટી કરપ્શન બ્યુરો (એસબી) એ રંગેહાથ ઝડપી લીધો હતો. આ બનાવની વિગત મુજબ આ કેસના ફરિયાદી વિરૂદ્ધ ભરૂચ સી ડિવીઝન પોલીસ સ્ટેશનમાં ૨૦૨૨ની સાલમાં ગુનો દાખલ થયો હતો. તેની સામે ચાર્જશીટ પણ થઈ ગઈ હતી.

ચાર્જશીટ થઈ ગયા બાદ ભરૂચના એડિશનલ ચીફ જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં કેસ ચાલી ગયો હતો. દરમિયાન આ કેસના આરોપી અને ભરૂચ સેશન્સ કોર્ટના વકીલ (ખાનગી) એ આ ફરિયાદીને તેની તરફેણમાં જજમેન્ટ અપાવવા માટે પાંચ લાખ રૂપિયાની લાંચની માંગણી કરી હતી. જેમાં આજે તે પૈકીના ચાર લાખ રૂપિયા આપવાનો વાયદો નક્કી થયો હતો. બીજીતરફ ફરિયાદી લાંચ આપવા માંગતો ન હોવાથી તેણે એસીબીમાં ફરિયાદ નોંધાવી હતી. જેને આધારે એસીબીના અધિકારીઓએ ૨૩ ઓગસ્ટના રોજ ભરૂચમાં ભોલાવ રોડ, જૂની મામલતદાર કચેરીની સામે જાળ બિછાવી હતી.

૫-૯ વર્ષની નાની છોકરીઓને એક્સ્ટ્રા ક્લાસના બહાને રોકી રાખતો હતો અને ખરાબ કામ કરતો

# રૂદ્રપુરમાં મદ્રેસામાં ડરામણી વાર્તા સંભળાવી પાંચ છોકરીઓ સાથે મૌલવીનો બળાત્કાર

(એ.આર.એલ),રૂદ્રપુર,તા.૨૪



કોલકાતા, બદલાપુર, મુંબઈ, કોલ્હાપુર, તમિલનાડુ બાદ રૂદ્રપુરમાં ૫ છોકરીઓ પર બળાત્કાર થયો છે. મદરેસામાં ભણાવતા એક મૌલવીનું શરમજનક કૃત્ય સામે આવ્યું છે, જે છોકરીઓને જીનની વાર્તાઓ સંભળાવીને ડરાવતો હતો અને ડરેલી છોકરીઓ સાથે ખોટું કામ કરતો હતો. તેમની સાથે બળાત્કાર કરતો હતો. તેણે તેમને અશ્લીલ વીડિયો પણ બતાવ્યો. મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે એક છોકરીએ ઘરે જઈને તેના પરિવારને મૌલવીની હરકતો વિશે જણાવ્યું. બાળકીની માતાએ આરોપી મૌલવી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે BNS ની કલમ ૩૫૧(૩) (મૃત્યુ અથવા ગંભીર ઈજા પહોંચાડવાની ધમકી આપીને ગુનાહિત ધમકી) અને ૭૪ (તેની નમ્રતા ભડકાવવાના ઈરાદા સાથે મહિલા પર હુમલો અથવા ફોજદારી બળ) અને પોકસો એક્ટ હેઠળ કેસ નોંધ્યો છે. આરોપી મૌલવી શબ્બીર રાજાની પણ ધરપકડ કરવામાં આવી છે. ઉત્તરાખંડના યુએસ નગરના રૂદ્રપુર શહેરના એસએસપી મંજુનાથ ટીસીએ આ કેસની પુષ્ટિ કરી છે. તેણે જણાવ્યું કે ૩૪ વર્ષીય મૌલવી શબ્બીર રાજા રૂદ્રપુરની એક મદરેસામાં ઉર્દૂ શીખવે છે. તેના પર ૫ થી ૯ વર્ષની વયની ૫ છોકરીઓ સાથે બળાત્કાર કરવાનો આરોપ છે.

# કુર્સ્ક ક્ષેત્રમાં કબજો લીધા બાદ અનેક વિસ્તારોને મુક્ત કર્યા હોવાનો યુક્રેનનો દાવો

(એ.આર.એલ),કિવ,તા.૨૪



કુર્સ્ક ક્ષેત્રમાં પ્રવેશ્યા બાદ હવે યુક્રેનની સેનાએ રશિયાના કબજા હેઠળના યુક્રેનના ઘણા વિસ્તારોને મુક્ત કરવાનો દાવો કર્યો છે. યુક્રેને એવો પણ દાવો કર્યો હતો કે તેણે રશિયાના કુર્સ્ક વિસ્તારમાં હુમલા કરવા માટે યુએસ દ્વારા પૂરા પાડવામાં આવેલા ઉચ્ચ-ચોકસાઈવાળા ગ્લાઈડ બોમ્બનો ઉપયોગ કર્યો હતો. તેણે ખાર્કીવના પૂર્વના વિસ્તારને ફરીથી કબજે કરવાનો દાવો પણ કર્યો હતો, જ્યાં રશિયાએ મોટું આક્રમણ શરૂ કર્યું હતું. યુક્રેનના વાયુસેના કમાન્ડર, લેફ્ટનન્ટ જનરલ માયકોલા ઓલેશુકે ગુરુવારે રાત્રે એક વીડિયો બહાર પાડ્યો હતો જેમાં કુર્સ્ક ક્ષેત્રમાં રશિયન પ્લાટૂન બેઝ પર હુમલો દર્શાવવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે જીબીયુ-૩૯ બોમ્બનો ઉપયોગ કરીને કરવામાં આવેલા હુમલામાં રશિયન જાનહાનિ થઈ અને સાધનોનો નાશ થયો. વીડિયોમાં અનેક વિસ્ફોટો અને ઘટનાસ્થળેથી ધુમાડાના ગોટેગોટા નીકળતા જોવા મળે છે. વધુમાં, યુક્રેનિયન આર્મીની ૩જી અલગ એસોલ્ટ બ્રિગેડે ગુરુવારે મોડી રાત્રે એક નિવેદનમાં જણાવ્યું હતું.

# જન્માષ્ટમી પર તુલસીશ્યામ ખાતે ૨૫ હજાર દર્શનાર્થીઓ રાત્રી રોકાણ કરી શકે તેવી વ્યવસ્થા

**જસાધાર રેન્જ વનતંત્ર અને ગીરગઢડા પોલીસ દ્વારા સહયોગ**

રાજુલા, તા.૨૪

આગામી સોમવારનાં રોજ જન્માષ્ટમીનું પર્વ હોય ત્યારે ગીરની મધ્યમાં આવેલ તુલસીશ્યામ ખાતે ભગવાન શ્યામના દર્શનનો ભાવિકો મોટી સંખ્યામાં લાભ લઈ શકે તે માટે તુલસીશ્યામ ટ્રસ્ટ દ્વારા સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જન્માષ્ટમી પર તુલસીશ્યામ આવતા શ્રધ્ધાળુઓ માટે ડુંગરા પર એકસાથે ૫૦૦ વાહનો પાર્કિંગ થઈ શકે તેમજ રાત્રી રોકાણ દરમિયાન શ્રધ્ધાળુઓ આરામથી સૂઈ શકે તે માટે ૨૦ હજાર કરતા વધારે ગાદલાની વ્યવસ્થા કરવામાં આવી છે. શ્યામ મંદિરને અદ્ભૂત સુશોભન કરવામાં આવ્યું છે. જન્માષ્ટમીના પર્વ પર તુલસીશ્યામ ખાતે શ્રધ્ધાળુઓની ભારે ભીડ જોતા વનતંત્ર અને ગીરગઢડા પોલીસ દ્વારા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. તુલસીશ્યામ ખાતે સવાર-સાંજ ૧૦ હજાર શ્રધ્ધાળુઓ પ્રસાદ લઈ શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જન્માષ્ટમી પર્વને ઉજવવા માટે શ્યામ ગૃપ અને તુલસીશ્યામ ટ્રસ્ટ દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે.

# ગોંડલના ગ્રામ્ય વિસ્તારોમાં લાંબા વિરામ બાદ ધોધમાર વરસાદ



તસવીર : ભોજાની દેવાંગ

ગોંડલ, તા.૨૪

ગોંડલના ગ્રામ્ય વિસ્તારમાં લાંબા વિરામ બાદ આજે ધોધમાર વરસાદનું આગમન થયું હતું. તાલુકાના વાસાવડ, કેશવાળા, રાવણા, ધરાળા, મોટી ખિલોરી, પાટખિલોરી સહિતના ગામોમાં ફરીથી ધોધમાર વરસાદ વરસતાં ખેડૂતોમાં ખુશી વ્યાપી હતી. વાસાવડ ગામે ૨થી ૨.૫ ઈંચ ધોધમાર વરસાદ પડ્યો હતો.

# ચલાલા-ધારી વચ્ચે રેલ્વે ટ્રેક પર ત્રણ સિંહોને લોકો પાયલોટે બચાવ્યા

**એકસાથે ત્રણ સિંહોનો જીવ બચતા સિંહપ્રેમીઓમાં આનંદ ફેલાયો**

અમરેલી, તા. ૨૪

અમરેલી જિલ્લામાં રેલ્વે ટ્રેક પર અનેક સિંહો મોતને ભેટયાં છે ત્યારે વધુ સિંહો મોતને ભેટે તે પહેલા લોકો પાયલોટની સમય સૂચકતાથી ત્રણ સિંહોનો જીવ બચી જતાં સિંહપ્રેમીઓમાં આનંદ ફેલાયો હતો. ભાવનગર ડીસીએમ માસુક અહેમદનાં જણાવ્યા મુજબ આજે અમરેલી વેરાવળ પેસેન્જર ટ્રેનનાં લોકો પાયલોટ રમેશ ભેવલીયા ધારી-ચલાલા વચ્ચે પહોંચતા લોકો પાયલોટને રેલ્વે ટ્રેક પર ત્રણ સિંહો બેઠેલા હોવાનું જોવા મળતા ઈમરજન્સી બ્રેક મારી ત્રણ સિંહોનાં જીવ બચાવી ટ્રેન મેનેજરને જાણ કરવામાં આવી હતી. ટ્રેન મેનેજરે વનવિભાગને જાણ કરી હતી. આ ઘટનાની માહિતી મળતા જ વનવિભાગનાં કર્મચારીઓએ ઘટના સ્થળે પહોંચી ટ્રેક સાફ હોવાનો સંકેત આપતા ટ્રેન આગળના સ્ટેશને પહોંચી હતી. લોકો પાયલોટની આ કામગીરીની ડીઆરએમ રવિશકુમારે પ્રસંશા કરી હતી.

# રેલવે કર્મચારીઓની પ્રામાણિકતા : મહિલા મુસાફરને ૨.૫ લાખનું મંગળસૂત્ર અને મોબાઈલ પરત મળ્યા

વેરાવળ, તા.૨૪



વેરાવળ- વેસ્ટર્ન રેલવેના ભાવનગર ડિવિઝનના કર્મચારીઓએ ફરી એકવાર તેમની પ્રામાણિકતા અને સેવાભાવનો પરિચય આપ્યો છે. ગઈકાલે એક મહિલા મુસાફરને તેનું ખોવાયેલું પર્સ, જેમાં ૨.૫ લાખ રૂપિયાથી વધુની કિંમતનું મંગળસૂત્ર અને મોબાઈલ ફોન હતા, તે પરત મળ્યું છે. ભાવનગર ડિવિઝનના સીનિયર ડીસીએમ માશૂક અહમદના જણાવ્યા અનુસાર, ૨૩ ઓગસ્ટના રોજ ઓખા-વેરાવળ એક્સપ્રેસ (ટ્રેન નંબર ૧૯૨૫૨)માં ખંભાળિયાથી વેરાવળ સુધી મુસાફરી કરી રહેલી એક મહિલા મુસાફરે વેરાવળ સ્ટેશન પર ઉતરતી વખતે ભૂલથી પોતાનું પર્સ સીટ પર જ છોડી દીધું હતું. કોચ એટેન્ડન્ટ નિત્યાનંદને આ પર્સ મળ્યું હતું, જેમણે તરત જ તેને ડેપ્યુટી ચીફ ટિકિટ ઈન્સ્પેક્ટર રાજન કુમાર સિંહને સોંપ્યું. જ્યારે મહિલા મુસાફરને પોતાના પર્સની યાદ આવી અને તે કોચ તરફ દોડી, ત્યારે સિંહે તેને રોકીને પૂછપરછ કરી અને પર્સ પરત કર્યું. પર્સમાં લગભગ ૨.૩ લાખ રૂપિયાની કિંમતનું સોનાનું મંગળસૂત્ર અને અંદાજે ૨૦,૦૦૦ રૂપિયાનો મોબાઈલ ફોન હતો. મહિલા મુસાફરે રેલવે કર્મચારીઓની પ્રામાણિકતા અને ત્વરિત કાર્યવાહી બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

# ઉનાના ગાંગડામાં ગૌચરની જમીનો પર દબાણકર્તા સામે 'લેન્ડ ગ્રેબીન્ગ એક્ટ' મુજબ કાર્યવાહી કરવા માંગ

ઉના, તા.૨૪



ઉનાના ગાંગડા ગામ સમસ્ત ગ્રામજનો, પશુપાલકો તથા ખડૂતો દ્વારા ગામમાં આવેલી સરકારી પડતર તથા ગૌચર જમીન ઉપર ગેરકાયદે દબાણ કરનારા ઈસમો સામે કાર્યવાહી કરવા માંગ કરવામાં આવી હતી. ઉના ભાવનગર હાઈ-વે રોડના કિનારા પાસે તથા માલણ નદીના ઓવર બ્રિજ પાસે ગૌમાતા આરામ કરતા હોય ત્યારે અવાર-નવાર ઘણી વાર મોટા વાહનો દ્વારા અકસ્માત સર્જાયા છે. જેમા મોટા ભાગે ગૌવંશ મૃત્યુ પામ્યા છે. આ ગાયો માટે અથવા રખડતા પશુઓ માટે ખુલ્લી જગ્યા ન હોવાના કારણે રખડતા પશુઓ આકસ્મિક રીતે અકસ્માતનો ભોગ બને છે. ઉરોક્ત સરકારી પડતર અને ગૌચર જમીનોનુ દબાણ દૂર કરવાનુ મુખ્ય કારણ ગામના પશુપાલકોના પશુધનને સહેલાઈથી પુરતા પ્રમાણમાં ચરાવી શકાય તેમજ રખડતા ગૌધનને જાનહાની ન થાય તે માટે સમસ્ત ગાંગડા ગ્રામજનોએ ઉપરોક્ત બાબતે કાયદેસર કાનૂની પગલા ભરીને સરકારી પડતર અને ગૌચર જમીનો પરના દબાણો હટાવી દબાણકર્તા ઉપર 'લેન્ડ ગ્રેબીન્ગ એક્ટ' હેઠળ કાયદેસર ગુન્હો નોંધી કાર્યવાહી કરવા માંગ કરી હતી.


**ગુજરાત એકસાથે ત્રણ સિસ્ટમ એક્ટિવ થતા અનેક જિલ્લાઓમાં રેડ એલર્ટ**

# જન્માષ્ટમીના પર્વમાં રંગમાં પડશે ભંગ : રાજ્યમાં ભારે વરસાદની આગાહી

## દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારમાં ભારે વરસાદની સંભાવના

અમદાવાદ,તા.૨૪

હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસ સમગ્ર ગુજરાતમાં સાર્વત્રિક વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. આ સાથે જ આજથી (૨૪ ઓગસ્ટ) જ ગુજરાતમાં તહેવારોની શરૂઆત થઈ છે અને ચાર દિવસના લાંબા વેકેશનની પણ શરૂઆત થઈ છે. અત્યારે મેઘરાજા પણ મન મૂકીને વરસવાની તૈયારીમાં છે. હાલમાં ગુજરાત પર એક સાથે ત્રણ સિસ્ટમ સક્રિય હોવાથી સાર્વત્રિક ભારે વરસાદની શક્યતાઓ છે. આગામી ૨૯ ઓગસ્ટ સુધી હવામાન વિભાગે રાજ્યના અનેક જિલ્લાઓમાં રેડ, ઓરેન્જ અને યલ્લો એલર્ટ જાહેર કર્યું છે. આજરોજ ભાવનગર, સુરત, નવસારી, વલસાડ, દમણ અને દાદરા




નગર હવેલીમાં રેડ એલર્ટ સાથે અતિભારે વરસાદની શક્યતાં છે. હાલમાં ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદની સંભાવના છે. જ્યારે આવતીકાલથી સમગ્ર ગુજરાતમાં સાર્વત્રિક મેઘમહેર રહેશે. એટલે કે, સમગ્ર સૌરાષ્ટ્ર અને કચ્છના ભાગોમાં પણ ભારે વરસાદ વરસી શકે છે. હાલમાં ગુજરાત ઉપર ત્રણ સિસ્ટમ એક સાથે સક્રિય છે જેમાં ગઈકાલ સુધી જે ઓફ શોર ટ્રફ મહારાષ્ટ્રથી ઉત્તર કેરળ સુધી હતું તે આજે આગળ વધીને દક્ષિણ ગુજરાત તરફ સક્રિય થયું છે. જેને કારણે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારમાં ભારે છે અતિ ભારે વરસાદની સંભાવના છે.

# વડોદરામાં શ્રીજી યાત્રા પર વિધર્મીઓનો પથ્થરમારો

(એ.આર.એલ),વડોદરા,તા.૨૪

ગણપતિ ઉત્સવને હવે ગણતરીના દિવસો છે, ત્યાં વડોદરામાં પથ્થરમારાની ઘટના બની છે. ગુરુવારે રાત્રે વડોદરામાં શ્રીજીની આગમન યાત્રા પર પથ્થરમારો થયો હતો. શહેરના ગોરવા મધુનગર રોડ પર આ ઘટના બની હતી. ડીજે સાથે વાજતે ગાજતે જતી શ્રીજીની આગમન યાત્રા પર વિધર્મીઓએ પથ્થરમારો કર્યો હતો. આ જૂથ અથડામણ બાદ વડોદરા શહેર પોલીસ દોડતી થઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગત રાતના રોજ



વડોદરાના ગોરવા મધુનગર રોડ પર શ્રીજીની આગમન યાત્રા નીકળી હતી. આ સમયે કેટલાક લોકો દ્વારા શ્રીજીની સવારી પર પથ્થરમારો કરાયો હતો. પથ્થરમારો થતાં નાસભાગ મચી હતી. બંને જૂથના ટોળાએ સામસામે પથ્થરમારો કરતાં સ્થિતિ વધુ વણસી હતી. જૂથ અથડામણમાં અનેક વાહનો તોડવામાં આવ્યા હતા. જેના બાદથી સમગ્ર વિસ્તારમાં અજંપાભરી શાંતિ જોવા મળી છે.

# ગુજરાતની જીવાદોરી નર્મદા ડેમના નવ દરવાજા ખોલાયા : ઓવરફ્લોની તૈયારી

(એ.આર.એલ),અમદાવાદ,તા.૨૪

ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમમાં પાણીની આવક થતાં હવે નવ દરવાજા ખોલવામાં આવ્યા છે. નવ દરવાજા ખોલીને નર્મદા નદીમાંથી પાણી છોડવામાં આવી રહ્યું છે. આજે નર્મદા ડેમમાં ૧૧૭૨૫૭ ક્યુસેક પાણીની આવક થઈ છે. નર્મદા ડેમની જળ સપાટી ૧૩૫.૦૩ મીટર પર સ્થિર થઈ ગઈ છે. આ સાથે નર્મદા જિલ્લાના સાગબારા તાલુકામાં



નાના કાકડીઆંબા અને ચોપડવાવ ડેમ ઓવરફ્લો થયા છે. જેના કારણે નીચાણવાળા ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. ઉપરવાસ મધ્યપ્રદેશમાં વધુ વરસાદ પડવાના કારણે નર્મદા ડેમમાં પાણીની આવક વધી છે. જેના કારણે ડેમના પાંચ દરવાજાની જગ્યાએ નવ દરવાજા ખોલીને નર્મદા નદીમાં પાણી છોડવામાં આવી રહ્યું છે. નર્મદા ડેમમાં પાણીની આવક ૧૧૭૨૫૭ ક્યુસેક થઈ છે. નર્મદા ડેમની જળ સપાટી ૧૩૫.૦૩ મીટર પર સ્થિર થઈ છે. નર્મદા ડેમની જળ સપાટીનું રૂલ લેવલ જાળવવા માટે ગઈકાલે સાંજે ૬ વાગ્યાથી નર્મદા ડેમના નવ દરવાજા ખોલવામાં આવ્યા છે. ડેમના નવ દરવાજામાંથી ૫૦,૦૦૦ ક્યુસેક પાણી નદીમાં છોડવામાં આવી રહ્યું છે.

# રાજ્યની સંપૂર્ણ રસીકરણમાં ઉપલબ્ધિ ૯૫.૯૫ ટકા છે, જે રાષ્ટ્રીય સરેરાશ કરતા વધારે : ઋષિકેશ પટેલ

ગાંધીનગર, તા.૨૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શનમાં ગુજરાત રાજ્યનું આરોગ્ય વિભાગ આરોગ્ય વિષયક સેવા – સુવિધાઓમાં નોંધપાત્ર કામગીરી કરી રહ્યું છે. બાળકોને આપવામાં આવતી રોગ પ્રતિરોધક રસીમાં પણ ગુજરાત રાજ્યમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. તાજેતરમાં નીતિ આયોગ દ્વારા પ્રકાશિત કરવામાં



આવેલ વર્ષ ૨૦૨૪ ના એસડીજી લક્ષ્યાંકોમાં આરોગ્ય વિષયક સેવા અને સુવિધાઓમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને આવ્યું છે. તેમાં પણ સંપૂર્ણ રસીકરણમાં ગુજરાત રાજયની ઉપલબ્ધિ ૯૫.૯૫ % છે. જે રાષ્ટ્રીય સરેરાશ કરતા વધારે છે અને ગત વર્ષનાં એસડીજી ૮૮ %થી ખુબજ નોંધપાત્ર વધારો થયેલ છે.આ સંદર્ભે રાજ્યના આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતુ કે, ગુજરાત કોંગ્રેસ દ્વારા એક અખબારી યાદી પ્રકાશિત કરીને "રોગપ્રતિરક્ષા રસીકરણમાં ૯૦ ટકા સાથે સૌથી સારી કામગીરી ઓરીસ્સા રાજયની છે તેમ જણાવીને ગુજરાત ૨૧ ક્રમ સાથે છેવાડાનું રાજય" છે તેવો અહેવાલ હકીકતથી વિપરિત અને જુના સર્વે ડેટા આધારિત પ્રકાશિત કરીને ગુજરાતની જનતાને ભ્રમિત કરવાનો હીન પ્રયાસ કરવામાં આવ્યો છે. તેમણે વધુમાં ઉમેર્યુ કે, ખરેખર તેમની આ ઉપરોકત યાદીમાં નેશનલ ફેમીલી હેલ્થ સર્વે-૫, વર્ષ ૨૦૧૯-૨૧ નાં ડેટાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે જુનો સર્વે ડેટા છે .

# મીની વેકેશનમાં ગુજરાતીઓ ફરવા માટે દેશ-વિદેશમાં પહોંચ્યા

અમદાવાદ,તા.૨૪

જન્માષ્ટમીના તહેવારોમાં હરવાફરવાનો ગુજરાતમાં ટ્રેન્ડ છે. આજથી સ્કૂલોમાં પણ રજાઓ પડી ગઈ છે. આગળ જતા રવિવાર અને સોમવારે જન્માષ્ટમીની રજા છે. એટલે લોંગ વીકેન્ડથી ગુજરાતીઓ રજાના મૂડમાં છે. જ્યારે રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં તો ૫ દિવસનું મિની વેકેશન પડી ગયું છે. ગુજરાતનાં ચાર મહાનગર- અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ આ લોંગ વીકેન્ડમાં ફરવા નીકળી ગયા છે.



મહાનગરો હાલ ખાલી થઈ ગયાં છે. લોકલ ડેસ્ટિનેશનમાં દમણ, લોનાવલા, મહાબળેશ્વર અને સાપુતારા ગુજરાતીઓનાં હોટ ફેવરિટ છે. જ્યારે વિદેશી ટૂરમાં દુબઈ, મલેશિયા, થાઈલેન્ડની પસંદગી કરવામાં આવી છે. ૩થી ૧૦ દિવસ સુધીનાં ટૂર પેકેજ લોકોએ લીધાં છે. અમદાવાદથી આ વર્ષે બે-ત્રણ દિવસના લોંગ વીકેન્ડમાં નજીકમાં સાપુતારા અને માથેરાન જઈ રહ્યા છે. છથી સાત દિવસની ટ્રિપ પ્લાન કરતા હોય તેવા લોકો કેરળ જાય છે. વરસાદને કારણે આ જગ્યા ઉપર જવાનું વધારે પસંદ કરે છે. જ્યારે ઈન્ટરનેશનલ ટ્રિપ માટે વિયેતનામ, બાલી અને થાઈલેન્ડ વધુ લોકો જઈ રહ્યા છે.

# ઈન્સ્ટાગ્રામમાં પરાણે પ્રેમ સબંધ રાખવાના દબાણથી ૧૫ વર્ષીય સગીરાનો આપઘાત

રાજકોટ,તા.૨૪

સોશિયલ મીડિયાનો ઉપયોગ જરૂરિયાતથી વધુ કરવામાં આવે તો મુસીબત ઉભી કરે છે. આવો જ કિસ્સો માળિયા હાટીના પંથકની ૧૫ વર્ષીય સગીરા સાથે બન્યો છે. સોશિયલ નેટવર્કિંગ સાઈટ ઈન્સ્ટાગ્રામનો ઉપયોગ સગીરા માટે આત્મહત્યાનું કારણ બન્યું છે. માણાવદરના શખ્સે સગીરા સાથે ઈન્સ્ટાગ્રામમાં સંપર્ક કેળવી બાદમાં તેને મળવા બોલાવી એકતરફી પ્રેમ સબંધ રાખવા માટે દબાણ કરતો હોવાથી સગીરાએ કંટાળી એસિડ પી મોત વ્હાલું કરી લીધું હતું. પ્રાથમિક તપાસમાં આપઘાત કરનાર સગીરા ધોરણ ૧૧માં અભ્યાસ કરતી હતી અને એક ભાઈ બે બહેનમાં બીજા નંબરની હોવાનું સામે આવ્યું છે. તેણીના પિતા પ્લાસ્ટર કામ કરે છે. સગીરાને ઈન્સ્ટાગ્રામ ઉપર માણાવદરનો કોઈ યુવક ખરાબ ફોટા મોકલી તેની સાથે વાત કરવા માટેનું કહેતો હતો અને તું મને મળવા આવ જો તું નહીં આવે તો હું તારા ઘરે આવીશ કહી ધમકી આપતા એક વખત માણાવદર મળવા પણ ગઈ હતી.

# બોર્ડના નાપાસ વિદ્યાર્થીઓ પાસેથી ઓનલાઈન ફી સિવાયની રકમ લાંચ પેટે લેનાર શિક્ષક સહિત ત્રણ ઝડપાયા

(એ.આર.એલ), હિંમતનગર,તા.૨૪

ધો.૧૦ અને ૧૨માં નાપાસ તથા ધો.૬ પછી અભ્યાસ છોડી દેનારા વિદ્યાર્થીને નોઈડાના એક શિક્ષણ સંસ્થાન મારફતે પરીક્ષા દ્વારા ડિગ્રી મેળવી આપવાના બદલામાં ૧.૬૦ લાખની લાંચ માંગનારા સાબરકાંઠાના એક શિક્ષક તથા મહિલા અને અન્ય એક વ્યક્તિની એન્ટી કરપ્શન બ્યુરો(એસીબી)એ ધરપકડ કરી છે. આ બનાવની વિગત મુજબ એસીબીએ આ કેસમાં



સાબરકાંઠાના ઈડર સ્થિત સાબલવાડમાં રહેતા ખાનગી શિક્ષક કમલેશ જી. પટેલ, ઈડરના લાલપુરમાં રહેતા અને આસિસ્ટંટ તરીકે ખાનગી નોકરી કરતા કાજલ ડી.ત્રિવેદી અને આસિસ્ટંટ તરીકે ખાનગી નોકરી કરતા ઈડરના કાવા ખાતે રહેતા ઈશુ પી. પટેલ એસીબીની જાળમાં સપડાઈ ગયા હતા. બનાવની વિગત મુજબ આ કેસના ફરિયાદી ધો.૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષામાં નાપાસ થયા હતા અને ધો.૬ પછી અભ્યાસ છોડી દીધો હતો.

# ભાવનગરમાં મુખ્યમંત્રીના હસ્તે રૂા.૩૧૦ કરોડના વિકાસકામોનું લોકાર્પણ : આવાસ મકાનોની કોમ્પ્યુટર ડ્રો દ્વારા ફાળવણી

ભાવનગર,તા.૨૪

ભાવનગરની એક દિવસની મુલાકાતે પધારેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ઝવેરચંદ મેઘાણી ઓડિટરીયમ ખાતેથી ભાવનગર જિલ્લામાં રૂ.૩૧૦ કરોડના વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આવાસ યોજના અને રીડેવલપમેન્ટ થયેલા મકાનના લાભાર્થી બહેનોને મુખ્યમંત્રીએ પ્રતિકાત્મક ચાવી અર્પણ કરી ગૃહ પ્રવેશ કરાવ્યો હતો. મુખ્યમંત્રીના હસ્તે કોમ્પ્યુટરાઈઝ ડ્રો દ્વારા મકાનની ફાળવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતી કવિ નર્મદને યાદ કરી ગુજરાતી ભાષા દિવસની રાજ્યવાસીઓને શુભેચ્છા પાઠવતા જણાવ્યું કે, આજે ભાવનગરના ૧૯૦૦ જેટલા પરિવારોને આવાસ અને જિલ્લાને કુલ રૂ.૩૧૦ કરોડના વિવિધ વિકાસ કામોની ભેટ મળી છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, આપણા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારતના નિર્માણ માટે દેશના દરેક નાગરિકને ઈઝ ઓફ લિવિંગ આપવાનો સંકલ્પ કર્યો છે.

# મહિલા પ્રમુખથી નારાજ ડીસા નગરપાલિકામાં ૧૭ સદસ્યોએ સામૂહિક રાજીનામા ધરી દીધા

(એ.આર.એલ),ડીસા,તા.૨૪

ભાજપ શાસિત ડીસા નગરપાલિકામાં વર્તમાન મહિલા પ્રમુખથી નારાજ ઉપપ્રમુખ તેમજ વિવિધ ૧૬ કમિટીઓના ચેરમેનોએ એકાએક પોતાના હોદ્દા ઉપરથી રાજીનામા ધરી દેતાં રાજકીય ભૂકંપ સર્જાયો. છેલ્લા કેટલાક સમયથી પાલિકામાં ચૂંટાયેલા નગરસેવકો વર્તમાન ધારાસભ્ય અને પૂર્વ ધારાસભ્યના બે જૂથોમાં વહેંચાયા હતા. જેમાં પ્રમુખને હટાવવા માટે એક જૂથ સક્રિય બન્યું હતું. દરમિયાન પાલિકામાં ૧૭ સમિતિઓના ચેરમેનોએ સામુહિક રાજીનામા આપવાનો નિર્ણય કરતાં પક્ષના સંગઠનમાં દોડધામ મચી જવા પામી હતી. ડીસા પાલિકાનાં ૧૭ સભ્યોએ પોતાના ચેરમેન પદ પરથી રાજીનામા આપ્યા છે તેમનો સ્પષ્ટ વિરોધ પાલિકા પ્રમુખ સામે છે. પાલિકા પ્રમુખ મનસ્વી રીતે વહીવટ ચલાવતા હોય તેમજ સભ્યોની રજૂઆતો સાંભળી તેઓના કામ થતાં ન હોવાના આક્ષેપ સાથે ૧૭ જેટલા સભ્યોએ શહેર ભાજપ કાર્યાલયે પોતાના રાજીનામાં આપ્યા હતા.


**હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે**

**મેડીકલ ઓફિસર**
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
લેડીઝ તેમજ જેન્ટસ
: પગાર ધોરણ (ફ્રેશર માટે) :
રૂા. ૧૪,૦૦૦/– થી ૧૮,૦૦૦/–
અનુભવી માટે : રૂા. ૨૦,૦૦૦/– થી ૩૦,૦૦૦/–

**રિસેપ્સનિસ્ટ** (લેડીઝ)
કમ્પ્યુટર/૧૨ પાસ
પગાર ધોરણ : રૂા. ૭,૫૦૦/– થી ૮,૫૦૦/–

**સ્વીપર** (લેડીઝ)
પગાર ધોરણ : રૂા. ૭,૦૦૦/– થી ૮,૦૦૦

**ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિ.**
મળવાનો સમય : ૧૧ થી ૧૨,સાંજે ૫:૩૦ થી ૬:૩૦

નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જૂના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.







